Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

હંસવાહિની



સરસ્વતી દેવી

પુસ્તક ૫૩ મું :: ૯ મો

સંવત ૧૯૯૪ :: માર્ગશીર્ષ :: વીર સંવત ૨૪૬૪

પ્રકટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

વાર્ષિક લવાજમ બહારગામ માટે રૂ. ૧-૧૨-૦ ચાર આના ને ભેટના પોસ્ટેજ સાથે.

પુસ્તક ૫૩ મું. અંક ૯ મો. | માર્ગશીર્ષ | વીર સં. ૨૪૬૪ વિક્રમ સં. ૧૯૯૪

## अनुक्रमणिका


૧ શ્રી સુપાર્શ્વજિન સ્તવન ... ( સં. રાજપાળ મગનલાલ વહોરા ) ૩૦૫
૨ શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ [ હિંદી ] ... ( મુનિ-વિદ્યાવિજય ) ૩૦૬
૩ મુનિશ્રી કર્પૂરવિજય સ્તુતિ ... ... ( ગિરધર હેમચંદ ) ૩૦૭
૪ ખાસ મનન કરવા યોગ્ય પારમાર્થિક બોધ... ... ( સ. ક. વિ. ) ૩૦૮
૫ વિનય ગુણ માટે આર્ષ વચનો ... ... ... ( સ. ક. વિ. ) ૩૧૦
૬ ચિત્તની ત્રણ અવસ્થા ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૩૧૩
૭ આવશ્યક ક્રિયાના ક્રમની સ્વાભાવિક ઉપપત્તિ ... ( મુમુક્ષુ મુનિ ) ૩૧૫
૮ અષ્ટભંગી સ્વરૂપ ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૩૧૬
૯ જીવનની અસ્થિરતા ... ... ... ... ( કુંવરજી ) ૩૧૭
૧૦ મરજીયાત કે ફરજીયાત ? ... ... ... ( કુંવરજી ) ૩૧૯
૧૧ ઉત્સર્પિણીમાં તીર્થંકરોનાં શાસન સંબંધી વિચારણા ( કુંવરજી ) ૩૨૦
૧૨ સૂક્તમુક્તાવળી: સિંદુર પ્રકરણ સમશ્લોકી ભાષાંતર ( ભગવાનદાસ મ. મહેતા) ૩૨૨
૧૩ જૈનો માટે સાચી દિશા ... ... ... ( વીરબાળ ) ૩૨૭
૧૪ પ્રભાવિક પુરુષો: અભયકુમાર ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૩૨૯
૧૫ પ્રશ્નોના સમાધાન ... ... ... ... ( કુંવરજી )
( પ્રશ્નકાર-રાજમલ ભંડારી-આગર ) ... ... ... ૩૩૩
( પ્રશ્નકાર-મંગળદાસ કંકુચંદ-સાલડી ) ... ... ... ૩૩૪
( પ્રશ્નોત્તર-પ્રશ્નકાર-અગરચંદ નાહટા-સીલહટ ) ... ... ૩૩૫
૧૬ પરમયોગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી ( નરોત્તમદાસ ભગવાનદાસ શાહ ) ૩૩૭
૧૭ સન્મિત્ર સ્મૃતિ... ... ... ( ચમનલાલ અમુલખ સંઘવી ) ૩૩૯
૧૮ સદ્‌ગુણાનુરાગીના સંસ્મરણો ... ( રાજપાળ મગનલાલ વહોરા ) ૩૪૧
હિતકારક વચનો-પરદેશી ખાંડ-મહાવીર
જિન સ્તવન-સુંદર વાક્ય ૩૦૯-૩૧૪-૩૨૧-૩૩૨



## વ્યવહાર કૌશલ્ય લેખ ૫૧-૪૯ કુલ ૧૦૦ વિભાગ ૧ લો, બીજો.

શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર-ગ્રંથમાળા મણકો ૨૩-૨૪. લેખક મૌક્તિક. આ બંને બુક ૧૦૦-૧૦૦ પૃષ્ઠની છે. એના લખાણ સંબંધમાં તો આપે લોકો વાંચવા જેવું છે. ... ... છે. વાંચો ને આનંદ કરો. યોગ્ય જીવોને પોસ્ટેજ બે આના મોકલવાથી ભેટ મોકલીએ. શ્રી જૈનધર્મપ્રકાશમાં આવી ગયેલા લેખોનો સંગ્રહ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૫૩ મું | માર્ગશીર્ષ | અંક ૯ મો
વિ. સં. ૧૯૯૪ | | વીર સં. ૨૪૬૪

શ્રીમદ્ યશોવિજયજી મહારાજકૃત એક અપ્રસિદ્ધ કૃતિ.

## શ્રી સુપાર્શ્વ જિન સ્તવન.

સુણીએ હો પ્રભુ, સુણીએ દેવ સુપાસ,
  મનકી હો પ્રભુ, મનકી વાત સબે કહું જી;
થાં વિણ હો પ્રભુ, થાં વિણ ન લહું સુખ,
  દીઠે હો પ્રભુ, દીઠે મુખ હો સુખ લહું જી. ૧

છોડું હો પ્રભુ, છોડું ન થાંકી ગેલ,
  પામ્યા હો પ્રભુ, પામ્યા વિણ સુખ શિવતણાજી;
ભોજને હો પ્રભુ, ભોજને ભાંજે ભૂખ,
  ભાંજે હો પ્રભુ, ભાંજે ભૂખ ન ભાંમણાજી. ૨

ખમજો હો પ્રભુ, ખમજો માંહો દોષ,
  ચાકર હો પ્રભુ, ચાકર મેં છું રાઉલાજી;
મીઠા હો પ્રભુ, મીઠા લાગે બોલ,
  બાળક હો પ્રભુ, બાળક બોલે જે વાઉલાજી. ૩

કેતું હો પ્રભુ, કેતું કહીએ તુઝ ?
  જાણો હો પ્રભુ, જાણો સવિ તુમે જગધણીજી;
ધારી હો પ્રભુ, ધારી નિવહો પ્રેમ,
  લજ્જા હો પ્રભુ, લજ્જા બાંહ ગ્રહ્યાતણીજી. ૪

થુણીઓ હો પ્રભુ, થુણીઓ સ્વામિ સુપાસ,
  ભૂષણ હો પ્રભુ, ભૂષણ મલકાપુરતણોજી;
વાચક હો પ્રભુ, વાચક જસ કહે એમ,
  દેજો હો પ્રભુ, દેજો દરિશન સુખ ઘણોજી. ૫

સંશોધક—રાજપાળ મગનલાલ વહોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीचतुर्विंशतिजिनस्तुति

( २

( अनुसंधान पृष्ट १२१ थी )

श्रीचन्द्रप्रभु का चन्द्रसा मुख, है अलौकिक कान्ति का,
अवलोकते ही दर्शकों को, पाठ देता शान्ति का ।
होते सभी पावन सदा जो, सेव करते हर्ष से,
मम क्यों न हो सम्यक्त्व निर्मल, आप के शुभ दर्श से ? ॥ ८ ॥

प्रभु सेव्य हो कल्याणकारी, कल्पतरु सम धाम हो,
जो पूजते है भाव से नर, कर्मदुःख आराम हो ।
सब जीव का उद्धार करते, मेट उनके पाप को,
मम प्रार्थना है सुविधिजिनवर, दूर कर सन्ताप को ॥ ९ ॥

अवलम्ब जग में नाथ शीतल, है सदा मुझ को खरा,
विश्वास आता है नहीं अब, अन्य देवों का जरा ।
सेवे चरण शुभ आप के नित, शीघ्र उनको तारते,
इस बाल की फिर प्रार्थना को, क्यों न आप विचारते ? ॥ १० ॥

लख श्रेष्ठ जिनगुण श्रेयकारी, दूर हो विष-भोग से,
उस नाम से योगी सदा मुनि, ध्यान धरते योग से ।
रहते निरन्तर पद्कमल में, इन्द्र सुर नर प्यार से,
श्रेयांस के गुण निष्कलंकित, हैं सभी संसार से ॥ ११ ॥

कल्याणकारी देशना सुन, हर्ष से नर-वृन्द भी,
निज जन्म को कृतकृत्य माने, देव देवी इन्द्र भी ।
हो द्वादशम जिनराज अद्भुत, ज्ञान के आवास में,
होते न क्यों दुःख दूर मेरे, आप के सहवास में ? ॥ १२ ॥

जगजन्तु को समदृष्टि से झट, पार करते ज्ञान से,
मन भावना की स्फूर्ति को नित, शुद्ध करते ध्यान से ।
हे विमलजिनवर ! विमल गुण जो, नित्य भजते आप के,
हैं टूटते बन्धन सभी, उनके कठिनतर पाप के ॥ १३ ॥

सब सुख हेतु अनन्त जिनवर, धर्म के आधार हैं,
त्रैलोक्य-वन्दित पाद्-पंकज, भक्त के शृंगार है ।
योगी रहे अति मग्न मन में, आप के सद् जाप से,
लेते सभी आनन्द पद को, भक्ति की शुभ छाप से ॥ ॥ १४ ॥

श्री विद्याविजयजी ( अपू

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિશ્રી કર્પૂરવિજય સ્તુતિ

સોરઠા

સજ્જન જે સન્મિત્ર, સદ્‌ગુણાનુરાગી રૂડા;
શાંતમૂર્ત્તિ સુપવિત્ર, અપ્રમાદ ભજતા ઘણા. ૧

સાચી ધર્મ—સુગંધ, કર્પૂર સમ પ્રસરાવતા;
ક્લીષ્ટ કર્મનો બંધ, થાય ન જેને અનુસરે. ૨

સત્પુરુષોનો ખ્યાલ, આવે એવા તેહના;
વચનામૃત સંચાલ, પ્રકાશમાં[1] વિસ્તારતા. ૩

મોહ મહાનૃપ ક્રૂર, તે સાથે કરી યુદ્ધને;
વિજય વરી કર્પૂર, સુગંધ મૂકી ઊડી ગયા. ૪

અમથી કરી શું શકાય? આશ્વિનની [2]કાલાષ્ટમી;
જોર ન ચાલે જરાય, કાળ મહા વિકરાળ તું. ૫

સંત સાધુનો અંત, લેતાં લેશ ડરે નહીં;
કાળ પરિણતિ તંત, સગી[3] કર્મ પરિણામની. ૬

અહો! શાંતિ નિર્દેશ, અહો! અભ્યાસી અસંગના;
અહો! ઉત્તમ ઉદ્દેશ, જ્ઞાનની કેળવણીતણો. ૭

નિઃસ્વાર્થ ઉપકાર, દ્રવ્યભાવથી આત્મહિત;
અનેકને કરનાર, અરે! ગયા કાં એકદમ? ૮

બ્રહ્મચર્ય પર પ્રીતિ, અહો ઘણી શિખવાડતા;
કેળવણીની રીતિ, સારી રીતે જણાવતા. ૯

પરમ કૃપાળુ દેવ, શાસનસુર સહાયક થશો;
આત્મ શાંતિનું ધ્યેય, સિદ્ધ થયા સત્વર ભલું. ૧૦

પરમારથ દાતાર, પ્રભુ હૃદયમાં સ્થિર થશો;
ગિરધર પર ઉપકાર, કર્યો ઘણો ન ભૂલાય તે. ૧૧

સેવક ગિરધર હેમચંદ

૧ શ્રી જૈનધર્મ પ્રકાશમાં. ૨ વદિ આઠમ. ૩ બધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખાસ મનન કરવા યોગ્ય પારમાર્થિક બોધ

૧ સંયમી મુનિ ધનિકને તેમજ ગરીબને સરખી રીતે ઉપદેશ આપે છે.

૨ બંધાયેલાને મુક્ત કરનાર વીર પ્રશંસાપાત્ર છે.

૩ વિષયમાં મૂઢ માણસ ધર્મને જાણી શકતો નહીં હોવાથી જન્મ–જરા–મૃત્યુને વશ રહે છે. વિવિધ વાસનાઓથી વાસિત તે જીવ ફરીફરીને ગર્ભમાં આવે છે.

૪ વીર પુરુષે વિષયસંગથી પ્રાપ્ત થતાં બંધનના સ્વરૂપને અને પરિણામે થતાં દુઃખ–શોકને જાણીને સંયમી થવું અને મોટાં નાનાં બધી જાતનાં રૂપોમાં વૈરાગ્ય ધારણ કરવો. હે ભવ્યાત્મન્ ! જન્મ અને મરણને સમજીને તું સંયમ સિવાય અન્ય તરફ ન જા; હિંસા ન કર કે ન કરાવ; તૃષ્ણાથી નિર્વેદ પામ; સ્ત્રીઓથી વિરક્ત થઇ ઉચ્ચદર્શી થા; તથા પાપકર્મથી વિરામ પામ. સંસારના આંટા ફેરા સમજીને રાગ–દ્વેષથી અસ્પૃષ્ટ રહેતો પુરુષ આ સંસારમાં કશાથી છેદાતો–ભેદાતો–બળાતો કે હણાતો નથી.

૫ માયા વિગેરે કષાયોવાળો તથા વિષયાસક્તિરૂપી પ્રમોદથી યુક્ત મનુષ્ય ફરી ફરીને ગર્ભમાં આવે છે, પરંતુ શબ્દ અને રૂપમાં તટસ્થ રહેતો, સમજદાર, સરળ અને મૃત્યુથી ડરતો મનુષ્ય જન્મ–મરણથી મુક્ત થઇ શકે છે. તેવો માણસ કાર્યોમાં અપ્રમત્ત, પાપકર્મથી ઉપરત, અશુભકર્મોથી આત્માનું સર્વપ્રકારે રક્ષણ કરવામાં કુશળ તથા સંસારને ભયસ્વરૂપ સમજનારો અને સંયમી હોય છે.

૬ લોકમાં જે અજ્ઞાન છે તે અહિત માટે છે. દુઃખ માત્ર પાપ–આરંભથી ઉત્પન્ન થાય છે, એમ સમજીને–માનીને એ આરંભો અહિતકર છે એમ સમજો–માનો. કર્મથી આ બધી સુખ–દુઃખાત્મક સ્થિતિ–ઉપાધિ પેદા થાય છે. નિષ્કર્મ માણસને સંસાર ( ભ્રમણ ) નથી, માટે કર્મનું સ્વરૂપ તથા કર્મમૂલક હિંસાનું સ્વરૂપ સમજીને સર્વ પ્રકારે સંયમ સ્વીકારી રાગ અને દ્વેષથી દૂર રહો. બુદ્ધિમાન પુરુષ લોકનું સ્વરૂપ સમજીને, કંચન–કામિની પ્રત્યેની તૃષ્ણાનો ત્યાગ કરીને તથા બીજું પણ બધું છોડી દઇને સંયમ-ધર્મમાં પરાક્રમી થાય છે. (તે ભવસાગર સહેજે તરી જાય છે. )

૭ કેટલાક (અજ્ઞ) લોકો આગળ અને પાછળનો વિચાર ધ્યાનમાં લેતા નથી. મનુષ્યે શુદ્ધ આચારવાળા થઇ. કર્મનો નાશ કરવા–મોક્ષ મેળવવા તત્પર થવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ હે ધીર પુરુષ ! તું સંસાર-વૃક્ષનાં મૂળ ( કષાય ) અને પાંખડાં ( નો-કષાય પ્રમુખ ) બંનેને તોડી નાંખ અને તેનું સ્વરૂપ બરાબર સમજી, આત્મદર્શી થા. સમ્યગ્દર્શી મુનિ પરમ માર્ગ જાણ્યા બાદ નવાં પાપ નથી કરતા અને પૂર્વના પાપનો નાશ કરે છે.

૯ તું પાપના મૂળ કારણરૂપ લોકો સાથેના પાશ ( રાગ-દ્વેષ-મમતાદિક ) તોડી નાખ.

૧૦ મૂર્ખ મનુષ્ય જ અન્ય પ્રાણીઓને હણી ખુશી થાય છે તથા હસે છે; પણ તે મૂર્ખ હાથે કરીને વેર વધારે છે તે જાણતો નથી. મહામુશીબતે મળેલા મનુષ્ય જન્મને પામીને કોઈ પણ પ્રાણીના પ્રાણની હિંસા ન કરવી એમ પ્રભુ કહે છે. કોઈ જીવને કોઈ રીતે તારાથી ભય ન થાય તે રીતે તારે વર્તવું જોઈએ. જે લોકના સ્વરૂપને યથાર્થ સમજે છે તે જ સાચો મુનિ છે.

સ. કે. વિ.

## હિતકારક વચનો

૧ જુલ્મ ન કરો, સારાં કામો કરવાની ટેવ રાખો અને કોઈ પણ કામમાં ઉતાવળ ન કરો.

૨ જો તમે એક સો વરસ જીવશો તો પણ મોત તમને મૂકનાર નથી, માટે તેને હંમેશાં યાદ કરો.

૩ બુદ્ધિશાળીઓની સોબતમાં રહો.

૪ આ દુનિયા નાશકારક છે, તેથી જે કોઇ તેના ઉપર ઓછું લક્ષ આપે છે તે ડાહ્યો છે.

૫ દુનિયાનો ત્યાગ કરતાં પહેલાં પ્રવાસનો સામાન તૈયાર કરવાનું લક્ષમાં રાખો. જે મુસાફીર પ્રવાસની સામગ્રી લીધા વિના મુસાફરી કરે છે તે દુઃખી થાય છે.

૬ તમે તમારા વડીલો પાસેથી જે પ્રકારની મહેરબાની ઇચ્છતા હો તો તેવી જ મહેરબાની તમારા હાથ નીચેના માણસો ઉપર કરો.

૭ જો તમે આખી દુનિયા પર વિજય મેળવશો તો પણ મોત તમારા ઉપર વિજય મેળવશે.

૮ મોત કોઇના ફરેબમાં આવશે નહિ.

૯ તમે જે કાંઇ કરશો તેનાં ફળ તમારે ભોગવવાં પડશે.

અમીચંદ કુશલચંદ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિનય ગુણ માટે આર્ષવચનો

( શ્રી ઉત્તરાધ્યયન અધ્યયન ૧-૨ )

૧ સંસારની આસક્તિથી-ઘરબારના બંધનથી છૂટેલા સાધુજનને સેવવા લાયક વિનય-નીતિને સાંભળો-સમજો ને તેનો બરાબર આદર કરો.

૨ જે ગુરુ-આજ્ઞાને ઠીક સમજી પાળે, તેમનાથી અળગો-અતડો ન રહે અને આકૃતિ ઉપરથી મનોભાવ જાણી લે તે વિનીત લેખાય.

૩ આજ્ઞા-પાલનપ્રેમ ને વિવેક-વિચક્ષણતા આ ગુણો વિનીત શિષ્ય સેવે તો તે ભવભીરુ ગુરુના હૃદયમાં સ્થાન જમાવી કલ્યાણ સુખ સાધે.

૪ એથી ઊલટો વર્તનાર અવિવેકી અવિનીત શિષ્ય તિરસ્કારને પાત્ર જ લેખાય.

૫ એમ સમજી મુમુક્ષુ અને સત્યશોધક સાધુએ વિવેકપૂર્વક વિનય ગુણની સેવના-આરાધના કરવી ને સદાચારમાં આગળ વધતા જવું કે જેથી કોઈ સ્થળે નાસીપાસ ( તિરસ્કારપાત્ર ) થવું ન જ પડે.

૬ અતિ શાન્ત થવું, પ્રીતિથી જ્ઞાની-ગુરુજનો પાસે ઉપયોગી સાધનો શિખવાં-સમજવાં. નકામી વસ્તુઓને તો તદ્દન છોડી જ દેવી.

૭ મૂર્ખની પેઠે કુપિત ન થવું, શાણા થઈ સહનશીલતા રાખવી, હલકી સંગતિ ન કરવી તેમજ હાસ્ય-મશ્કરી જેવી તુચ્છ ચેષ્ટા-ગમતો તજી દેવી.

૮ કષાય ન કરવો ને વગર જરૂરનું બોલ બોલ ન કરવું, સમયોચિત શિક્ષણ મેળવીને પછી એકાન્તમાં તેનું સારી રીતે ચિન્તન કરવું.

૯ ભૂલથી દોષ સેવ્યો હોય તો તે છુપાવવો નહીં, ગુરુજનો પાસે તે કબૂલ કરી લેવો અને ભૂલ ન જ થઈ હોય તો નમ્રભાવે તેનો ખુલાસો કરવો. મુમુક્ષુએ પોતાની ભૂલનું ભાન થતાં જ તેવું ભૂલભરેલું કર્મ તજી દેવું.

૧૦ સદ્‌ગુરુની આજ્ઞાને અવગણી કઠોર વચન કહેનારા કેટલાક મૂર્ખ અવિનીત શિષ્યો શાન્ત ગુરુને પણ કુપિત કરે છે અને તેમના આશયોને અનુસરીને ચાલનારા વિનીત શિષ્યો ક્રોધી ગુરુને પણ શાન્ત કરી દે છે.

૧૧ પૂછ્યા વગર ઉત્તર ન દેવો, પૂછે તો ખોટું ન જ બોલવું. ક્રોધને ... કરી અપ્રિય વાતને પણ પ્રિય-લાભકારી બનાવી દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ પોતાના આત્માને જ દમવો, આત્મા જ દુર્દમ્ય છે. આત્મદમનથી આ લોકમાં અને પરલોકમાં પણ સુખી થવાય છે તે ન ભૂલવું.

૧૩ તપ અને સંયમથી આત્માને જ દમવો ઉત્તમ છે. એથી પોતાને બીજાં બંધનો, માર કે પરવશતાથી ભવિષ્યમાં દમાવું ન પડે.

૧૪ વિનય-ભક્તિ-સ્વાર્પણતા-કર્તવ્યનિષ્ઠતા એ સર્વે એકાર્થતારૂપ છે.

૧૫ સ્વાર્પણતારૂપ પ્રેમ-ભક્તિવડે માન-અહંકાર ગળી જાય છે, જેથી આત્મ-શુદ્ધિ માટે સાનુકૂળતા સાંપડે છે ને સુખ-શાન્તિ મળે છે.

૧૬ વિવિધ પરિષહો ને ઉપસર્ગોને અદીનપણે સહતાં આત્મા નિર્મળ બને છે.

૧૭ રાગ-દ્વેષ ને મોહનો પરાજય કરનાર જ ખરો શૂરવીર ને પ્રશંસાપાત્ર છે.

## ૨

## બીજા અધ્યયનોના ઉત્તમ આર્ષવચનો

પ્રાણીમાત્રને આ ચાર જીવનવિકાસના ઉત્તમ અંગો આ અનંત સંસારમાં પ્રાપ્ત થવાં બહુ દુર્લભ છે. ૧ **મનુષ્યત્વ.** ૨ શ્રુતિ( સત્યહિત )શ્રવણ, તત્ત્વ-શ્રદ્ધા ( વીતરાગ-સર્વજ્ઞભાષિત તત્ત્વમાં ખરો વિશ્વાસ ) ૪ કલ્યાણકારી સંયમ પાળવાની સાચી શક્તિ.

૧ સહજ-અકૃત્રિમ સૌમ્યતા, ૨ સહજ કોમળતા, ૩ નિરભિમાનતા અને ૪ અનુકંપા, તેમજ સારાસાર વિચારની યોગ્યતા મેળવી લેવાની પ્રથમ જરૂર છે, પછી બીજી ગુણસંપત્તિ સહેજે સાંપડે છે.

૨ મનુષ્યત્વને પામેલો જીવ, ધર્મ-શ્રવણયોગે શ્રદ્ધાળુ બને છે. તે પૂર્વકૃત ઉદયમાન કર્મને સમભાવે વેદતો, સુશક્તિ મેળવી-કેળવી સંયમી-ત્યાગી-તપસ્વી બની, સંચિત કર્મોને ખપાવી નાંખે છે.

૩ સરળ આત્માની શુદ્ધિ-સિદ્ધિ થાય છે. શુદ્ધ આત્માના અંતઃકરણમાં જ ધર્મ ટકી શકે છે; અને તેવો ધર્મી આત્મા જ ઘૃતવડે સિંચેલા અગ્નિની પેઠે વિશુદ્ધ થઇ, અનુક્રમે શ્રેષ્ઠ નિર્વાણ-સુખને પામી શકે છે.

૪ જીવિત ક્ષણભંગુર ( ચંચળ ) છે, કરેલાં કર્મ ભોગવવાં પડે છે; તેથી સાવધાન રહી કર્મબંધનથી અટકવું જોઇએ કારણ કે જાગતાને ભય રહેતો નથી.

નોટ—મનુષ્યત્વ એટલે મનુષ્ય-જાતિનો ખરો-વાસ્તવિક ધર્મ. પુન્ય સંયોગે મનુષ્ય [illegible] પછી પણ પુરુષાર્થ યોગે મનુષ્યત્વ પામવાનું-મેળવી લેવાનું જરૂરનું છે. તેનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ પ્રમાદીને ભય-દુઃખ છે. વિષય-ભોગ-આસક્તિ અધિક દુઃખદાયક છે.

૬ સાધક-મુમુક્ષુજનો સ્વચ્છંદતા તજી પરમ સુખ-શાન્તિને પામી શકે છે.

૭ પ્રમાદ અને સ્વચ્છંદથી જ જીવ અધોગતિ પામે છે, તેથી કલ્યાણાર્થી જનોએ તેને પ્રયત્નથી દૂર કરી સ્વાર્પણતા અને સાવધતા કેળવવાં જોઇએ.

૮ કામ-ભોગ સેવવા ને સાથે જાગ્રતિ યા નિરાસક્તિ રાખવી એ કામ સહેલું નથી; તેથી મુમુક્ષુ જનોએ પ્રથમથી જ વિષયભોગનો ત્યાગ સાવધાનપણે કરવો ઉચિત છે.

૯ મોહને જીતતા અને સંયમ-માર્ગમાં વિચરતા મુનિજનોને વિષયો જુદે જુદે રૂપે લલચાવે છે, છતાં સાવધાન સાધુઓ તેમાં ફસાતા નથી-નિર્લેપ રહે છે.

૧૦ બહુરૂપી ને દુર્જય એવા મોહને જે જીતી લે છે તે સર્વ ભય-દુઃખને તરી જાય છે.

૧૧ ભોગમાં તૃપ્તિ નથી, જડ વસ્તુમાં આસક્તિ એટલું દુઃખ છે અને તેથી આત્મભાવથી દૂર રહેવાય છે. મલિન કર્મઆવરણોથી આત્મા ઘેરાય છે ને દુઃખી થાય છે.

૧૨ અજ્ઞાન-અવિદ્યા ને મોહ જ સંસારભ્રમણના મૂળ બીજ કારણ છે. ફક્ત મોક્ષની વાતો કરવા માત્રથી મોહ ન હઠે. તેને નિવારવાને તો કઠણમાં કઠણ પુરુષાર્થ અને વિવેક કરવો જોઇએ. મહાપુરુષોનાં ચરિત્ર જુઓ. માત્ર વેશપરિવર્તનથી આત્માનો વિકાસ થઇ ન શકે. વેશની સાથે હૃદયનું પણ પરિવર્તન-હૃદયપલટો થવો જોઇએ. આથી જ પવિત્ર જૈન દર્શનમાં સમ્યગ્જ્ઞાન અને ક્રિયા( ચારિત્ર-સદ્વર્તન )નું સહચારીપણું સ્વીકાર્યું છે, માત્ર પૂર્વ બાંધેલાં કર્મોનો ક્ષય કરવા માટે જ પ્રાપ્ત એવા દેવદુર્લભ દેહાદિકનો સદુપયોગ કરવો જોઇએ. કર્મનું બીજ બાળવાને જ સંયમી બનવું અને પછી નિર્દોષ આહાર-પાણી માપસર સંયમ-રક્ષણાર્થે ગ્રહણ કરી સાવધાનપણે વર્તવું.

૧૩ જેમ કાણી કોડી માટે એક માણસ હજારોની મહોરો હારી ગયો અને એક મુક્ત રાજા અપથ્ય એવા આમ્રફળ ખાઇને મૃત્યુવશ થઇ રાજ્ય ખોઇ બેઠો તેમ અસંયમી-સ્વચ્છંદી-પ્રમાદી જીવો અમૂલ્ય માનવભવ હારી જાય છે.

૧૪ જેમ ત્રણ વણિકો મૂળ મૂડી લઇને કમાવા નીકળેલા તેમાંનો એક લાભ મેળવે છે, બીજો પોતાની મૂળ મૂડી જાળવી પાછો આવે છે અને ત્રીજો મૂળ મૂડી પણ ગુમાવી પાછો આવે છે. એ જ પ્રમાણે ધર્મમાં પણ જાણવું

૧૫ ફરી મનુષ્યપણું પામે તે મૂળ મૂડીને આબાદ રાખે છે, દેવગતિને પામે છે તે લાભ મેળવે છે; પણ જે જીવો નરક ને તિર્યંચ-યોનિને પામે છે તે તો ... મૂળ ... ગુમાવી બેઠે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ જેઓ ખરા જ્ઞાની છે તેઓ મનુષ્યધર્મથી આગળ વધી શીલવાન અને સદાચારી થઇ, અદીન–ઓજસ્વી બની દેવપણાને પામે છે.

૧૭ એ પ્રકારે મુમુક્ષુ અદીનપણે અને અનાસક્તપણે રહી એવી ઊંચી સ્થિતિ કેમ ન પામે? અને પામીને શાન્તિનું સંવેદન શા માટે ન કરે?

૧૮ કામ–ભોગોથી નિવૃત્ત થયેલા આત્મોન્નતિને સહેજે સાધે છે. આ અપવિત્ર દેહને ત્યાગી તે દેવસ્વરૂપ બને છે–દેવગતિને પામે છે.

૧૯ તેવો જીવ ત્યાંથી ચ્યવી જ્યાં ઋદ્ધિ, કીર્તિ, કાન્તિ, આયુષ્ય અને ઉત્તમ સુખ હોય છે ત્યાં સુંદર મનુષ્ય ભવમાં જઇ ઉત્પન્ન થાય છે.

૨૦ બાળ ( અજ્ઞાની જીવ ) ધર્મને છંડી અધર્મને આદરી, અધર્મી બની નરકમાં ઉત્પન્ન થાય છે એ તેનું બાળપણું જુઓ !

૨૧ હવે સત્ય ધર્મને અનુસરનારા ધીર પુરુષનું ધીરપણું જુઓ કે જે ધર્મિષ્ટ થઇ, અધર્મથી દૂર રહીને, દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

૨૨ પંડિત–મુમુક્ષુજનો આ પ્રમાણે બાળભાવ તથા અબાળભાવની તુલના કરીને, બાળભાવને તજી અબાળભાવને સેવે છે–આદરે છે.

૨૩ બાળ શબ્દ કેવળ અજ્ઞાન કે મૂર્ખસૂચક નથી પણ અનાચારનું પણ સૂચન કરે છે. જ્ઞાનીજનો આપણને જાગૃત કરવા કેટલું સમજાવે છે?

સ. ક. વિ.

# ચિત્તની ત્રણ અવસ્થા

## ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થચિંતા

૧ બીજા સંસ્કારો કે વિચારાંતરોને હઠાવી એક જ વિચારને મુખ્ય કરવાનો જે ચાલુ પ્રયત્ન તે ભાવના. આ ભાવનાની હયાતિ ધ્યાન કરવાની શરૂઆતમાં અને અંતર્મુહૂર્ત્ત પછી એકાગ્રતાની સ્થિતિ વિખરાતા હોય છે, આવી મનની સ્થિતિ તે **ભાવના** છે.

૨ મનની બીજી સ્થિતિ **અનુપ્રેક્ષા**ની છે. અનુપ્રેક્ષા એટલે પાછળ તપાસ કરવી–જોવું અર્થાત્ ધ્યાનની સ્થિતિ ખસી ગયા પછી પાછી તે સ્થિતિ મેળવવા, પૂર્વે અનુભવાયેલી ધ્યાનસ્થિતિનું સ્મરણ કરવું. પૂર્વની સ્થિતિ યાદ કરવી તે છે.

૩ મનની ત્રીજી સ્થિતિ ચિંતા નામની છે. આ બે સ્થિતિથી જુદી એટલે મનની આ બે સ્થિતિ ઊંચા પ્રકારની છે. તેનાથી આ ત્રીજી નીચા પ્રકારની છે. કોઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પદાર્થની ચિંતા કરવી એટલે અનેક વિચારાંતરોમાં ચાલ્યા જવું, જીવ અજીવાદિ અનેક પદાર્થોના વિચાર કરવા તે **પદાર્થચિંતા** નામની મનની સ્થિતિ છે.

આગમમાં કહ્યું છે કે—જે સ્થિર અધ્યવસાય તેને **ધ્યાન** કહે છે, જે ચપળ અધ્યવસાય છે તેને ચિત્ત કહે છે, તે ચપળ અધ્યવસાયને ભાવના, અનુપ્રેક્ષા અને ચિંતા કહે છે.

અંતર્મુહૂર્ત્ત એકાગ્રતા રહ્યા પછી ધ્યાન હોતું નથી, ચિંતા હોય છે અથવા ધ્યાનાંતર ( ભાવના કે અનુપ્રેક્ષા ) હોય છે. ઘણી વસ્તુમાં મન સંક્રમણ કરે તો—સ્થિરતાવાળું ધ્યેયાંતર ચાલુ રાખે તો ઘણા વખત સુધી પણ ધ્યાનનો પ્રવાહ હોય છે. અંતર્મુહૂર્ત્ત પ્રમાણે એક વસ્તુમાં ચિત્ત સ્થિર કરી રાખવું તે છદ્મસ્થનું ધ્યાન છે અને યોગોનો નિરોધ કરી દેવો તે જિનનું ધ્યાન છે.

[ અમુક કાર્યનો નિશ્ચય કે સમાપ્તિ ન થાય ત્યાંસુધી મન તે તે કાર્યોમાં વિચાર કરતું અટકતું નથી. આવું વિક્ષેપવાળું મન કર્મપુદ્ગળોને સતત ગ્રહણ કર્યા જ કરે છે એટલું જ નહિ પરંતુ ઘણે ભાગે મન આર્ત્તધ્યાનના સંબંધવાળું બનતાં અશુભ પુદ્ગળોનો ચય થવાનો સંભવ રહે છે. ગૃહસ્થોને તો આ સહજ છે જેથી એવા સંયોગોથી મૂકાયા વિના અને ત્યાગીને પણ અમુક પછી અમુક કરવાનું છે એવી વિરુદ્ધ વિચાર પરંપરાને જતી કર્યા સિવાય—રોકયા સિવાય ચિત્તની છેલ્લી ત્રીજી નીચી અવસ્થા જે **પદાર્થચિંતા**—જીવ અજીવાદિ પદાર્થોના વિચાર કરવા રૂપ છે તેમાં પ્રવેશ થઇ શકે નહિ તો ભાવના ( બીજા સંસ્કારો કે વિચારાંતરોને હઠાવીને એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન ) કરવાની તો વાત જ શી ? એવી મનની સ્થિતિ થયા વિના એકાગ્રતા થાય નહિ અને એ વિના આત્મા આગળ વધતો અટકી પડતાં જીવ કદી મુક્ત થવા પામે નહિ. ]

**મુમુક્ષુ મુનિ**

## પરદેશી ખાંડ

આ સંબંધમાં કાર્તિક માસના અંકમાં આવેલ લેખ વાંચી શ્રી જયપુરથી ધર્મસ્નેહી શ્રી કેશવલાલ છોટાલાલ લખે છે કે–' આ બાબત જો આચાર્ય મહારાજાઓ ધ્યાન પર લેય, પોતે તજે ને શ્રાવકોને તજવાનો ઉપદેશ આપે તો જ કાંઇ પણ થવા સંભવ છે, ' આ બાબત અમને પણ વ્યાજબી લાગે છે તેથી અમે પણ પૂજ્ય આચાર્ય મહારાજાઓને તે સંબંધમાં વિજ્ઞપ્તિ કરીએ છીએ કે–જો આપને પરદેશી ખાંડ અભક્ષ્ય જણાય તો આપ તજો ને બીજાને તજાવો. તે સિવાય બીજા પ્રયત્ન ફળિભૂત થવા સંભવ નથી. —તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આવશ્યક ક્રિયાના ક્રમની સ્વાભાવિક ઉપપત્તિ.

જ્યાંસુધી "સામાયિક" પ્રાપ્ત ન થાય ત્યાંસુધી "ચતુર્વિંશતિ સ્તવન" ભાવપૂર્વક થઇ શકતું નથી, કારણ કે જ્યાંસુધી આત્મા પોતે જ સ્થિર કે સમભાવમાં હોતો નથી ત્યાંસુધી સમભાવમાં રહેલ મહાપુરુષોમાં રહેલા ગુણોને જાણી શકતો નથી તેમજ તે ગુણોથી ઉત્સાહિત અને પ્રસન્ન બની તેની પ્રસન્નતા પણ કરી શકતો નથી. આમ હોવાથી જ **સામાયિકની પછી ચતુર્વિંશતિસ્તવ છે.**

ચતુર્વિંશતિસ્તવ કરનાર અધિકારી "વન્દન" પણ વિધિપૂર્વક કરી શકે છે, કારણ કે ચોવીશ તીર્થંકરના ગુણોથી પ્રસન્ન થઇ જેણે તેમની સ્તુતિ કરી નથી–તે તીર્થંકરમાર્ગના ઉપદેશક સદ્ગુરુને ભાવપૂર્વક વંદન કરી શકતો જ નથી. આથી કરીને **ચતુર્વિંશતિસ્તવ પછી વંદનનો ક્રમ છે.**

વન્દન પછી "પ્રતિક્રમણ" રાખવાનો હેતુ એ છે કે આલોચના ગુરુ સમક્ષ જ કરી શકાય, જે ગુરુવન્દન કરતો નથી તેને આલોચના કરવાનો અધિકાર નથી, ગુરુવંદન સિવાય કરેલ આલોચના નામમાત્રની જ આલોચના છે, તેનાથી કોઇ પણ સાધ્યસિદ્ધિ થઇ શકતી નથી. આથી કરીને **વન્દન પછી પ્રતિક્રમણ છે.**

"કાયોત્સર્ગ" માટે જરૂરી યોગ્યતા પ્રતિક્રમણ કર્યા પછી જ પ્રાપ્ત થાય છે, કારણ કે જ્યાંસુધી પ્રતિક્રમણદ્વારા પાપની આલોચના કરી ચિત્તશુદ્ધિ કરી નથી ત્યાંસુધી ધર્મધ્યાન, શુક્લધ્યાન માટે એકાગ્રતા પ્રાપ્ત કરવાનો જે કાયોત્સર્ગનો ઉદ્દેશ છે તે કોઇ પણ રીતે સફળ થતો નથી. આલોચનાદ્વારા ચિત્તશુદ્ધિ કર્યા વિના જે કાયોત્સર્ગ કરે છે તેના મુખથી ગમે તેવા પરમ પવિત્ર શબ્દોનો જાપ થાય તો પણ તેના અંતરમાં ઉચ્ચ ધ્યેયનો વિચાર ઉદ્ભવી શકતો નથી; કારણ કે અનુભવેલ વિષયોનું ચિન્તન ધ્યાનમાં ખડું થઇ જાય છે, માટેજ **પ્રતિક્રમણ પછી કાયોત્સર્ગનો ક્રમ છે.**

કાયોત્સર્ગ કરી વિશેષ ચિત્તશુદ્ધિ, એકાગ્રતા અને આત્મબળ જે પ્રાપ્ત કરે છે તે જ "પ્રત્યાખ્યાનનો" સાચો અધિકારી છે. જેને એકાગ્રતા પ્રાપ્ત કરી નથી તેમજ સંકલ્પબળનો સંગ્રહ કર્યો નથી તે કદી પ્રત્યાખ્યાન કરે તો પણ તેનો સારી રીતે નિર્વાહ કરી શકતો નથી. પ્રત્યાખ્યાન સર્વથી છેલ્લી આવશ્યક ક્રિયા છે, કારણ કે તેને માટે વિશેષ ચિત્તશુદ્ધિ અને વિશેષ ઉત્સાહની આવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અષ્ટભંગી સ્વરૂપ

૧ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ સ્યાદ્વાદ શૈલીએ જાણે નહિ, આદરે નહિ અને પાળે નહિ તે **મિથ્યાદષ્ટિ** જાણવા, એ પ્રથમ ભંગ.

૨ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણે નહિ, આદરે નહિ અને પાળે. તે કષ્ટક્રિયા તપ, જપ, શીલ આદિ કરી કાયા ગાળે. તે સર્વને પણ **મિથ્યાદષ્ટિ** જાણવા, એ બીજો ભંગ.

૩ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ જાણે નહિ, આદરે અને પાળે નહિ તે **મિથ્યાદષ્ટિ** જાણવા, એ ત્રીજો ભંગ.

૪ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ જાણે નહિ, પરંતુ આદરે અને પાળે તેને પણ **મિથ્યાદષ્ટિ** જાણવા, એ ચોથો ભંગ.

૫ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ સ્યાદ્વાદ શૈલીએ જાણે પણ આદરે નહિ ને પાળે નહિ તેને **સમ્યગ્દષ્ટિ** જાણવા, એ પાંચમો ભંગ. ( શ્રેણિકવત્ ).

૬ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ જાણે, આદરે નહિ અને શીલ આદિ પાળે તેને **સમકિતી** જાણવા, એ છઠ્ઠો ભંગ ( અનુત્તરવાસી દેવો. )

૭ કેટલાક જીવો ધર્મનું સ્વરૂપ જાણે, મુનિના વ્રત આદરે અને પાળે નહિ પણ શુદ્ધ પ્રરૂપણા કરે, પોતામાં મુનિપણું સ્થાપે નહીં, એવા જાણ ગીતાર્થ સંવેગપક્ષીને **સમકિતી** જાણવા, એ સાતમો ભંગ.

૮ કેટલાક ધર્મનું સ્વરૂપ જાણે, આદરે અને પાળે એવા જિનમતના જાણ રત્નત્રયવંત પુરુષો **સમકિતી** જાણવા, એ આઠમો ભંગ સર્વોત્કૃષ્ટ જાણવો.

પ્રથમના ચાર ભાંગા મિથ્યાદષ્ટિને લાભે અને પાછળના ચાર ભાંગા સમકિતીને લાભે.

મુમુક્ષુ મુનિ

---

શ્યકતા છે તે કાયોત્સર્ગ કર્યા વિના પ્રાપ્ત થઈ શકતી નથી. આમ હોવાથી **કાયોત્સર્ગ પછી પછી પ્રત્યાખ્યાન આવે છે.**

જે ક્રિયા આત્માના વિકાસને લક્ષમાં રાખી કરવામાં આવે છે તે આધ્યાત્મિક ક્રિયા છે. આત્માનો વિકાસ એટલે સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ જીવના સ્વાભાવિક ગુણોની ક્રમશઃ શુદ્ધિ કે વૃદ્ધિ. તે જેથી થાય તે **આવશ્યક સાચી આધ્યાત્મિક ક્રિયા છે.**

મુમુક્ષુ મુનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનની અસ્થિરતા

ગત ત્રણ માસમાં ( અશાડ, શ્રાવણ, ભાદ્રપદ માસમાં ) આપણી કોમમાં અકાળ મરણ, અકસ્માત્ મરણ, અલ્પકાલીન વ્યાધિમાં મરણ–એવા ત્રણ ચાર અઘટતા મરણો થવાથી આ મનુષ્યજીવનની અસ્થિરતા વિષે આપણા બંધુઓને ભાન થવા માટે કાંઇક લખવાની ઇચ્છા ઉદ્‌ભવી, તેવામાં નીચેના ત્રણ દુહા વાંચવામાં આવ્યા તેથી તેને પુષ્ટિ મળી.

પ્રથમ દુહો—પાંત પડંતા દેખકે, વિકસી કુંપલિયાહ;
હમ વીતી તુમ વીતશે, ધીરે બાપડિયાહ. ૧.

પીપળાના વૃક્ષ ઉપરથી એક પાંદડાને ખરીને પડી જતું દેખીને નવા કુંપળીયા વિકસ્વર થયા–હસવા લાગ્યા. તે જોઇને ખરતું પાંદડું તેને કહે છે કે–'હે કુંપળીયાઓ ! જરા ધીરજ રાખો, ઉતાવળા ન થાઓ, જે સ્થિતિ અમારી થઇ–અમને વીતી તેવી સ્થિતિ તમારી પણ થોડા વખત પછી થશે–તમને પણ વીતશે, માટે હે બાપડા ! જરા ધીરજ રાખો.' આની મતલબ એ છે કે–એક મનુષ્યને નાની કે મોટી વયે મરણ પામતો જોઇ બીજા યુવકોએ રાજી થવાનું નથી–હરખાઇ જવાનું નથી; કારણ કે–આયુષ્યની સ્થિતિ પૂર્ણ થયે તેને પણ તેજ રીતે મૃત્યુને વશ થવાનું છે.

બીજો દુહો—પાંત પડંતા યું કહે, સુણ તરુવર ! વનરાય;
અબકે વિછુરે કબ મિલે, દૂર પડંગે જાય. ૨.

પાંદડું પડતું પડતું વૃક્ષને કહે છે કે–'હે વનના રાજારૂપ શ્રેષ્ઠ વૃક્ષ ! આજ આપણે છૂટા પડીએ છીએ તે ફરીને કયારે મળશું ? કેમકે અમે તો દૂર જઇને પડશું.'

ત્રીજો દુહો—તબ હી તરુવર યું કહે, સુણ હુ પાંત્ત મુજ વાત;
ઇન ઘર આહી રીત હૈ, ઇક આવત ઇક જાત. ૩.

તે પાંદડાને વૃક્ષ તે વખતે આ પ્રમાણે કહે છે કે–' હે પત્ર ! તું મારી વાત સાંભળ. આ ઘરમાં ( વૃક્ષમાં ) તો એ જ રીત ચાલી આવે છે કે એક આવે ને એક જાય–અર્થાત્ પ્રથમના પત્રો ખરી પડે ને નવા આવે.'

આ ત્રણે દુહા ઉપરથી સુજ્ઞજનોએ ઘણો સાર ગ્રહણ કરવાનો છે. એમાં મનુષ્યની પ્રત્યક્ષપણે અસ્થિરતા બતાવી છે. આ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ કાયમ રહ્યું નથી. આયુ પૂર્ણ થયે સર્વ મનુષ્યો ક્રમસર મૃત્યુવશ થાય છે ને નવા મનુષ્યો જન્મ પામે છે. આવો ચક્રભ્રમણ ન્યાય-અરઘટ્ટઘટિકાન્યાય આ જગતમાં ચાલ્યા જ કરે છે.

આ પ્રમાણે જ્યારે જન્મ પામેલાએ મૃત્યુવશ થવું એ નિર્ણય જ છે તો પછી મનુષ્યજન્મ પામીને તેમાં કરવાનું શું છે ? તેનું સાધ્ય શું છે ? બીજા નરક, તિર્યંચ, દેવાદિકના ભવમાં ન બને અને મનુષ્યજન્મમાં જ બને તેવું શું છે ? આ બાબતનો વિચાર કરતાં એમ જણાય છે કે-ખાન, પાન, વિષય-સેવન, પરિગ્રહસંચયાદિક તો આ જીવે અનેક ભવમાં કર્યું છે, કોઇ ભવમાં તે વસ્તુઓ કર્યા વિના રહ્યો નથી. તે બધા ભવોમાં નથી થયું માત્ર ધર્મારાધન. અહીં ધર્મારાધન શબ્દે દેશવિરતિ-સર્વવિરતિપણું આરાધવું તે સમજવાનું છે. નારકીના ભવમાં તો પ્રચુર દુઃખ હોવાથી કાંઇ બને તેમ છે જ નહીં. દેવ-ભવમાં વિષયાસક્તપણું અતિશય હોવાથી બની શકતું નથી, કદી કેટલાક સમ-કિતી જીવો સમકિતને નિર્મળ કરનાર ધર્મકરણી કરે છે, પરંતુ અવિરતિનો ઉદય હોવાથી ત્યાગ બિલકુલ કરી શકતા નથી. તિર્યંચના ભવમાં તદ્દન પર-વશપણું છે. મૂંગે મોઢે જે સુખ-દુઃખ આવી પડે તે સહન કરવાનું છે. જો કે તેમાં પણ કેટલાક જીવો જાતિસ્મરણાદિવડે ધર્મ પામીને કેટલુંક આરાધન કરે છે, પરંતુ તે મનુષ્યગતિમાં થઇ શકતા આરાધનના પ્રમાણમાં અતિ અલ્પ હોય છે. આટલા ઉપરથી સિદ્ધ થાય છે કે-જો ધર્મનું આરાધન પૂર્ણપણે કરવું હોય યાવત્ મોક્ષ મેળવવું હોય તો તે પણ મનુષ્યના ભવમાં જ બની શકે તેમ છે; તેથી એવો અત્યંત દુર્લભ અને અનેક કાર્યસાધક મનુષ્યભવ પામીને તેને પ્રમાદમાં ન ગુમાવતાં પ્રમાદ તજી, સાવધાન થઇ, મૃત્યુ સામે ઊભું જ છે એમ ધ્યાનમાં રાખી ધર્મનું આરાધન કરવા તત્પર થા. જો આ ભવમાં આરાધન નહીં થાય તો પાછો પૂર્વોક્ત ત્રણે ગતિમાં પરિભ્રમણ કરતાં કાંઇ બની શકશે નહીં, માટે પીપળાના પાનના દૃષ્ટાંતે અમુક વખતે મૃત્યુવશ થવાનું જ છે એમ ચોક્કસ માની યથાશક્તિ ધર્મારાધનમાં તત્પર થવું.

શ્રાવકધર્મનું આરાધન સહેલું છે, મુનિધર્મનું આરાધન મુશ્કેલ છે; પરંતુ મુનિપણું સ્વીકાર્યા સિવાય આત્માની સિદ્ધિ થવાની નથી માટે તે બંને પ્રકારના ધર્મોનું યથાશક્તિ-શક્તિને ગોપવ્યા સિવાય આરાધન કરવું અને ક્રમે ક્રમે તેમાં આગળ વધવું કે જેથી ધર્મારાધનની પૂર્ણતાને પામી શકાય. આ ઉત્તમ જનોનું--સુજ્ઞોનું-ભવભીરુ જનોનું કર્તવ્ય છે. આટલું સૂચવી આ લઘુ લેખ [illegible]

[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મરજીયાત કે ફરજીયાત ?

સંસારની અનેક પ્રકારની પ્રવૃત્તિઓ આ જીવ ફરજીયાત કરે છે, તેમાં મરજીયાતનો સવાલ કરતો નથી; પરંતુ ધાર્મિક પ્રવૃત્તિઓમાં મરજીયાત કે ફરજીયાત ? એવો સવાલ ઉત્પન્ન કરે છે.

આ વિષય શ્રી કરાંચીમાં મુનિરાજશ્રી વિદ્યાવિજય મહારાજ સમક્ષ બહુ ચર્ચાણો છે. અહીં તો માત્ર ટૂંકામાં ધાર્મિક પ્રવૃત્તિનું ફરજીયાતપણું સિદ્ધ કરી બતાવ્યું છે.

આ પ્રાણીને જો મરજીયાત ધાર્મિક કરણી કરવાનું કરાવી છૂટો મૂકવામાં આવે તો તેમાંનો બહોળો ભાગ ધર્મકરણીથી વિમુખ જ રહે છે; કારણ કે ધર્મકરણીનો અનાદિ અભ્યાસ નથી તેના પર પ્રેમ ઉત્પન્ન કરવો પડે છે. સાંસારિક વિષયોનો તો આ જીવને અનાદિ અભ્યાસ છે તેથી તેના પર પ્રીતિ ઉત્પન્ન કરવાની જરૂર પડતી નથી. ક્વચિત્ કોઈ બાબતમાં–વ્યવહારિક વિદ્યાભ્યાસ કરવા વિગેરેમાં પ્રેમ ઉત્પન્ન કરવો પડે છે તો તે તો તેના માતાપિતા વિગેરે આજીવિકાનું સાધન માનીને કરે છે. એમાં પ્રેરણા કરવાની જરૂર પડતી નથી. ધાર્મિક કરણી કરવી તે તો આત્મહિત માટે છે. તેને માટે પ્રારંભમાં ફરજીયાત કરાવવાની જરૂર છે. જિનપૂજા, ગુરુવંદન, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, તપ, જપ, તીર્થયાત્રા વિગેરે જો ફરજીયાત કરાવવામાં આવે છે તો પછી તેમાં જ્યારે તેને રસ પડે છે, તેનો લાભ સમજે છે, તેની આવશ્યકતા માને છે, ત્યારે પછી ફરજ પાડવી પડતી નથી. પછી તો હલુકર્મી જીવો સહેજે તે તે કરણી યથાશક્તિ જરૂર કરે છે. જો કે તેમાં પણ ઓછેવત્તે અંશે પ્રેરણાની જરૂર તો રહે છે જ. તદ્દન પ્રેરણાની જરૂર તો જ્યારે મનુષ્ય પોતે જ વિશેષજ્ઞ થાય ત્યારે જ આળસે છે. એ બધી કરણી મરજીયાત થાય ત્યારે વધારે લાભ આપે છે. વળી તે તે ધર્મકરણીનો લાભ સમજીને પરમાર્થ બુદ્ધિથી માત્ર આત્મહિત માટે જ કરવામાં આવે ત્યારે આત્માની વિકસ્વરતા વિશેષ થાય છે અને પુણ્યબંધ પણ વિશેષ થાય છે. પરંતુ તેના પ્રારંભમાં ફરજીયાતની અપેક્ષા રહે છે; કેમકે ધર્મકરણીમાં કાંઈક ત્યાગ, કાંઈક વૈરાગ્ય અને કાંઈક ખર્ચ તેમજ વખતનો ભોગ આપવાનું હોવાથી ખાસ કરનારની ઈચ્છા ઉપર રાખી શકાતું નથી. અને જો તેમ રાખવામાં આવે તો ઘણા મનુષ્યો ધર્મકરણી કરવાથી બેનસીબ જ રહે; માટે માબાપોએ અથવા વડીલોએ પ્રથમ સહેતી સહેતી પણ ફરજ પાડીને તે ધર્મકરણીનો લાભ સમજાવવો કે જેથી આગળ ઉપર તેને તેમાં રસ પડે અને હોંશે હોંશે કરે. આધુનિક કેળવણીને અંગે આવી બાબતમાં વિચારભેદ દેખાય છે પરંતુ જેનું અંતઃકરણ ધર્મકરણી તરફ વળેલું હોય છે તેઓ તો પોતાની સંતતિને ફરજીયાત ધર્મકરણી કરવાની પ્રેરણા કર્યા સિવાય રહી શકતા નથી. [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઉત્સર્પિણીમાં તીર્થંકરના શાસન સંબંધી વિચારણા

આ અવસર્પિણીમાં તો પ્રથમ પ્રભુનું શાસન પોતે કેવળજ્ઞાન પામ્યા ને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ત્યારથી તેમના નિર્વાણ સુધી અને પછી બીજા તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા ત્યાં સુધી પ્રવર્ત્યું. એટલે પાંચ મહાવ્રતરૂપ ધર્મ ને છેદોપસ્થાપનીય ચારિત્ર પણ ત્યાંસુધી રહ્યું. ત્યારપછી અજિતનાથ કેવળજ્ઞાન પામ્યા ત્યારથી મહાવીરસ્વામી કેવળજ્ઞાન પામ્યા ત્યાંસુધી ચાર મહાવ્રતરૂપ ધર્મ અને એકલું સામાયિક ચારિત્ર પ્રવર્ત્યું. મહાવીરસ્વામીનું શાસન તો પાંચમા આરાના છેડા સુધી ૨૧૦૦૦ વર્ષ પ્રવર્તવાનું છે એટલે ત્યાંસુધી પાંચ મહાવ્રતરૂપ ધર્મ ને છેદોપસ્થાપનીય ચારિત્ર પ્રવર્તશે.

હવે ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા પછીના તેમના આયુના ૩૦ વર્ષ, તેમનાં ને બીજા પ્રભુના આંતરાના ૧૭૮ વર્ષ અને બીજા પ્રભુ ૩૦ વર્ષની વયે કેવળજ્ઞાન પામશે એટલા વર્ષ એટલે ૨૩૮ વર્ષ તેમનું શાસન પ્રવર્તશે ને પાંચ મહાવ્રતરૂપ ધર્મ ને છેદોપસ્થાપનીય ચારિત્ર પણ પ્રવર્તશે. છેલ્લા પ્રભુ ઉત્સર્પિણીના ચોથા આરાના ૮૯ પક્ષ ગયા પછી ગર્ભમાં ઉપજશે તે ૮૩ લાખ પૂર્વ ને ૧૦૦૦ વર્ષે કેવળજ્ઞાન પામશે ત્યારે તેમનું શાસન પ્રવર્તશે ને પાંચ મહાવ્રતરૂપ ધર્મ તથા છેદોપસ્થાપનીય ચારિત્ર પણ પ્રવર્તશે. તે પ્રભુ એક હજાર વર્ષે ઊણ એક લાખ પૂર્વે નિર્વાણ પામશે ત્યાંસુધી તેમનું શાસન ચાલશે. ત્યારપછી તો યુગળિક ભાવ શરૂ થવાનો હોવાથી તેમનું શાસન બંધ થશે. એટલે પાંચમહાવ્રત ને છેદોપસ્થાપનીય ચારિત્ર પણ ત્યાંસુધી જ પ્રવર્તશે.[1]

---

૧ આ સંબંધમાં શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથના વ્યાખ્યાન ૨૦૭ મામાં શ્રી વિજયલક્ષ્મીસૂરિ આ પ્રમાણે લખે છે:—

એ (ઉત્સર્પિણીના ચોવીશમા) પ્રભુ મુક્તિ ગયા પછી તેમની પટ્ટપરંપરાએ શ્રી જિનપ્રવચનના તત્ત્વવિચારને કરનારા યુગપ્રધાન મુનિપતિ ઘણા સમય સુધી આ ભરતખંડના ભૂમંડળને પવિત્ર કરશે. પછી હળવેહળવે સુખી સમય વૃદ્ધિ પામતાં યુગલિયા મનુષ્ય ઉત્પન્ન થવાનો સમય નજીક આવવાને લીધે સુખના પ્રચુરપણાથી પ્રથમ સાધુસંતતિનો ઉચ્છેદ થઈ છેવટે તીર્થનો પણ ઉચ્છેદ થશે. યુગલિયાના સમયમાં અગ્નિનો પણ અભાવ થાય છે. તે સાથે સ્વામી, સેવક, વર્ણ, વ્યાપાર અને નગરાદિકની વ્યવસ્થા પણ ઉચ્છેદ પામે છે.

આ સંબંધમાં શ્રી ભગવતીસૂત્રના ૨૦ મા શતકના આઠમા ઉદ્દેશામાં આ ચોવીશમા પ્રભુનું તીર્થ તેમના કેવળીપર્યાય સુધી ચાલવાનું કહેલ છે પરંતુ તેમના નિર્વાણની સાથે બધી બાબત પલટાઈ જવાનું સંભવતું નથી; તેથી ઉપર જણાવેલ ઉપદેશપ્રાસાદ ... ઉચિત સમજાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અવસર્પિણી ને ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરોમાં ક્રમ ને ઉત્ક્રમથી શરીરપ્રમાણ, શરીર વર્ણ, આયુપ્રમાણ, કલ્યાણક તિથિઓ વિગેરે કેટલીક બાબતો સમાનપણે જ પ્રવર્તશે; પરંતુ અંતરમાં સરખાઈ છતાં તેની સ્થિતિમાં ફેરફાર છે. અવસર્પિણીમાં ૨૩ મા પ્રભુના નિર્વાણથી ૨૪ મા પ્રભુનું નિર્વાણ ૨૫૦ વર્ષે થાય છે તેને બદલે ઉત્સર્પિણીમાં પ્રથમ પ્રભુના ચ્યવનથી ( ગર્ભોત્પત્તિથી ) બીજા પ્રભુનું ચ્યવન ( ગર્ભોત્પત્તિ ) ૨૫૦ વર્ષે થશે. અને ૨૩ મા પ્રભુના ચ્યવનથી ૨૪ મા પ્રભુનું ચ્યવન ૫૦ લાખ ક્રોડ સાગરોપમે થશે. આ પ્રમાણે દરેક પ્રભુના અંતર માટે સમજવું.

મારું સમજવું ઉપર પ્રમાણે છે તેમાં કાંઈ ભૂલ થતી હોય તો સુજ્ઞ મુનિરાજ વિગેરેએ મને જણાવવા કૃપા કરવી.

પરિહારવિશુદ્ધિ ચારિત્ર પણ દરેક ચોવીશીમાં પહેલા ને છેલ્લા પ્રભુના શાસનમાં જ હોય છે પરંતુ તે ચારિત્ર તો તીર્થંકર પાસે અથવા તેની પાસે જેણે ઉચ્ચર્યું હોય તેની પાસે જ ઉચ્ચરાય છે તેથી તેના કાળ સંબંધી વિવક્ષા કરવી પડે તેમ નથી. સ્વતઃ સમજાય તેમ છે. કુંવરજી

## શ્રી મહાવીર પ્રભુ સ્તવન

( ઘરઘર તોરણ બંધાવો, દીપમાળાઓ પ્રકટાવો–એ રાગ. )

મહાજ્ઞાની આપ કહાવો, જ્ઞાનામૃત અમને પાવો;
સમકિત ધ્વજા ફરકાવો, મિથ્યાત્વ તિમિર હઠાવો. ૧

મૂંઝવે છે મોહનાં બંધન, કાઢોને તેનું નિકંદન;
મુજને મોહમુક્ત બનાવો, અજરામર સુખ અપાવો. ૨

ચંદનબાલિકા તારી, અપરાધી દીધા ઉગારી;
તવ સેવક કાં વીસરાવો ? ભવ–ઉદધિમાંથી બચાવો. ૩

નથી તુજ ગુણ ગાવા શક્તિ, શી રીતે કરું હું ભક્તિ ?
મહાશક્તિ આપ ધરાવો, અંગૂઠે મેરુ ધ્રૂજાવો. ૪

વિનવે 'અમૃત' પ્રભુ તુજને, તુજ સેવા હે વિભુ ! મુજને;
અર્પણ ભવ સુધી કરાવો, અર્પી આનંદી બનાવો. ૫

અમૃતલાલ ધરમચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૂક્તમુક્તાવલી :: સિંદૂર પ્રકર :

## સમશ્લોકી ભાષાંતર (સભાવાર્થ)

## (૮) શીલદ્વાર

શાર્દૂલવિક્રીડિત

**વાગે તાસ જગે અકીર્ત્તિપટહો, લાગે મષી ગોત્રને,**
**ચારિત્રે જલઅંજલિ, ગુણગણારામે દવાગ્નિ અને;**
**દે સંકેત વિપત્તિને શિવપુરે તે વાસતો બારણા,**
**ચિંતારત્ન સમા સ્વશીલની કરે જે અ ઉલ્લંઘના. ૩૭**

**ભાવાર્થ**—જે ત્રણે લોકમાં ચિંતામણિ સમા શીલનો લોપ કરે છે, તેનો અકીર્ત્તિપટહ જગતમાં વાગે છે, તે પોતાના કુળમાં મષીનો કૂચો ફેરવે છે (કુળને કલંકિત કરે છે), ચારિત્રને જલાંજલિ આપે છે, ગુણસમૂહરૂપ બગીચાને દાવાનલ લગાડે છે, વિપત્તિને સંકેત આપે છે, મોક્ષનગરીના દ્વાર બંધ કરે છે.

અત્રે શીલને ચિંતામણિની ઉપમા આપી છે. જેમ ચિંતામણિ સર્વ ચિંતિત વસ્તુ આપે છે, તેમ શીલ મનુષ્યની સર્વ મનઃકામના પૂર્ણ કરે છે. આવા ચિંતામણિરત્ન સમા શીલનો જે લોપ કરે છે, તેના અપયશનો પટહ જગતમાં વાગે છે. ગમે તેવું પ્રચ્છન્ન દુઃશીલ સેવ્યું હોય તે પણ પ્રાંતે ઉઘાડું પડે છે, પાપ છાપરે ચડીને પોકારે છે અને લોકમાં દુઃશીલવાર્તા વિદ્યુત્‌વેગે પ્રસરી જાય છે.

કુશીલ સેવનાર પોતાના કુળમાં મષીનો કૂચો લગાડે છે; શશિ સમા ઉજ્જવલ વંશને તે દુઃશીલ કલંકથી કલંકિત કરે છે; લોકો તેને કુલાંગારની ઉપમા આપે છે, કારણ કે જેમ એક તણખો પણ તૃણરાશિને ભસ્મીભૂત કરે છે, તેમ આ કુલાંગાર પણ સુપ્રતિષ્ઠિત કુળપરંપરાને ભસ્મ કરે છે. એક સર્વાંગ-સુંદર ચિત્રમાં પડેલું કાળું ટપકું જેમ દૂષણરૂપ થાય છે, તેમ કુશીલવંત પણ પોતાના કુળમાં એબરૂપ થાય છે અને અખિલ કુળને આંગળીચિંધ બનાવે છે કે જુઓ આ રહ્યો તે ફલાણા કુળનો!

કુશીલ સેવનાર ચારિત્રને જલાંજલિ આપે છે, કારણ કે શીલ એ તો ચારિત્રનું સર્વસ્વ છે, એ ન હોય તો ચારિત્રનું નામનિશાન રહેતું નથી.

અનેક સુંદર વનરાજિથી વિરાજતો બગીચો પણ જેમ દાવાનળથી શીઘ્ર બળી જાય છે, તેમ ઉત્તમ ગુણસમૂહરૂપ બગીચો કુશીલદાવાનળથી સત્વર ભસ્મીભૂત થાય છે. શીલલોપનથી સર્વ ગુણનો વિનાશ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલ ઉલ્લંઘનાર અનેકાનેક વિપત્તિને નિમંત્રે છે; આ લોકમાં અપયશ, ભય, ધનહાનિ, રોગ, દંડ, જેલયાત્રા આદિ સાંપડે છે અને પરલોકમાં નરકાદિ દુર્ગતિની નાના પ્રકારની યાતના વેઠવી પડે છે.

શીલલોપક માટે મુક્તિ-પુરીના દ્વાર બંધ છે; મુક્તિનગરીમાં તેનો પ્રવેશ થઇ શકતો નથી; તે મોક્ષમાર્ગથી બહિષ્કૃત છે.

આમ અનેક અનર્થનું કારણ કુશીલ છે એમ જાણી વિવેકીને તેનો ત્યાગ કર્ત્તવ્ય છે.

શાર્દૂલવિક્રીડિત

**વ્યાઘ્ર વ્યાલ જલાગ્નિ આદિ વિપદો નિર્નષ્ટ તેની થતી,**
**કલ્યાણો ઉલસે, સુધાવલી વળી સાન્નિધ્યતા ધારતી;**
**કીર્ત્તિ સ્ફુરતી, પુષ્ટિ પુણ્ય ભજતું, પાપો પ્રણાશી જતા,**
**મોક્ષ સ્વર્ગ સુખોય તેની સમીપે જે શીલને સેવતા. ૩૮**

**ભાવાર્થ**—જે શીલનું સેવન કરે છે, તેને વ્યાઘ્ર-સર્પ-જલ-અગ્નિ આદિ વિપત્તિઓ સર્વથા નષ્ટ થાય છે, કલ્યાણપરંપરા ઉલ્લસે છે, અમરગણ સાન્નિધ્ય કરે છે, કીર્ત્તિ સ્ફુરાયમાન થાય છે, પુણ્ય પુષ્ટિ પામે છે, પાપ પલાયન થઇ જાય છે, મોક્ષ અને સ્વર્ગના સુખ સમીપ આવે છે.

પૂર્વના શ્લોકમાં શીલવિલોપનથી જે જે અનર્થો નીપજે છે તે કહ્યા, હવે આ શ્લોકમાં શીલસંસેવનથી જે જે ગુણ સાંપડે છે તે કહી બતાવે છે.

જે શીલ સેવે છે તેની વ્યાઘ્ર-સર્પ-જલ-અગ્નિ આદિ ભયપ્રદ વિપત્તિઓ દૂર થઇ જાય છે, વ્યાઘ્ર જેવું ક્રૂર હિંસક પ્રાણી પણ શીલવંતના શીલપ્રભાવે બકરી જેવું શાંત બની જાય છે, ક્રોધોદ્ધત ફણિધર પણ ક્રોધ ત્યજી દઇ પ્રશમરસમાં ઝીલે છે, જલનું મહાપૂર પણ ઉતરી જાય છે, અગ્નિનો ઉપદ્રવ ઉપશમે છે.

આ પ્રાચીન ભારતવર્ષને વિભૂષિત કરી ગયેલા અનેક સત્પુરુષો અને સત્સ્ત્રીઓના પવિત્ર ચરિત્રમાંથી આના પ્રચુર ઉદાહરણો મળી આવે છે. પ્રથમ તો જો કે શીલવંતની પણ આકરી કસોટી થાય છે, અગ્નિપરીક્ષા થાય છે, પરંતુ તેમાંથી પણ તે શુદ્ધ સુવર્ણવત્ સાંગોપાંગ સફળ ઉત્તીર્ણ થાય છે અને સતશીલનો જગતમાં જયજયકાર થાય છે. આવી વિકટ કસોટીમાંથી પાર ઉતરી પરમ પ્રસિદ્ધિને પામેલા મહાસત્ત્વોમાં શ્રી નેમિનાથજી, સ્થૂલભદ્ર મહામુનિ, શ્રેષ્ઠિવર્ય સુદર્શન, સોળ મહાસતીઓ આદિના નામ અગ્રેસર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શીલના પ્રભાવથી કલ્યાણપરંપરા ઉલ્લસે છે; આ લોકમાં કીર્તિ, કાંતિ, લક્ષ્મી, ધૃતિ, સ્મૃતિ, વિદ્યા આદિ સાંપડે છે અને પરલોકમાં સમગ્ર સુખ-સામગ્રીથી સંપૂર્ણ એવું સ્વર્ગસુખ મળે છે. પરંપરાએ ધ્રુવ, અનુપમ, અક્ષય તથા અવ્યાબાધ એવું મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

દેવગણો શીલવંતનું સદા સાન્નિધ્ય કરે છે, શીલવંત પર આવી પડતી વિપત્તિના વાદળ વિખેરી નાંખે છે, ઉપસર્ગોનો પરિહાર કરે છે.

શીલવાનની કીર્ત્તિ જગતમાં વિસ્તરે છે. સુગંધી પુષ્પનો પરિમલ જેમ સ્વયં ફેલાય છે તેમ શીલકુસુમની સૌરભ સ્વયમેવ દિગંતોમાં પ્રસરી ભૂમંડલને સુવાસિત કરે છે.

સત્શીલથી પુણ્યની વૃદ્ધિ અને પાપની ક્ષતિ થાય છે; તેમજ સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિ પણ તેને આભારી છે.

માલિની

**હરતું કુલકલંક, લોપતું પાપપંક,**
**કરતું સુકૃતવૃદ્ધિ, શ્લાઘ્યતા વિસ્તરંત;**
**અમરગણ નમાવે, ઉપસર્ગો હઠાવે,**
**શુચિ સુશીલ લીલાથી સ્વર્ગ-મુક્તિ રચાવે. ૩૯**

**ભાવાર્થ**—પવિત્ર શીલ કુલ પર આવી પડેલા કલંકને દૂર કરે છે, પાપરૂપ કાદવને ધોઇ નાંખે છે, પુણ્યની વૃદ્ધિ કરે છે, પ્રશસ્તપણું વિસ્તારે છે, દેવવૃંદને નમાવે છે, ઉપસર્ગો હઠાવે છે અને લીલામાત્રમાં સ્વર્ગ-મોક્ષ અપાવે છે.

શીલનું માહાત્મ્ય કેવું છે તે અત્ર પ્રદર્શિત કર્યું છે. શીલ કુલ પર આવી પડેલા કલંકને દૂર કરે છે. મહાસતી સીતા, અંજના આદિના ચરિત્રો આની સાક્ષી પૂરે છે.

શીલરૂપ નિર્મલ જલવડે કરીને પાપરૂપ કાદવ ધોવાઇ જાય છે; શીલથી સુકૃતની-પુણ્યઋદ્ધિની વૃદ્ધિ થાય છે; પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને તે પુણ્યના પ્રભાવે પરંપરાએ શિવસુખની પ્રાપ્તિ થાય છે.

શીલથી લોકમાં પ્રશસ્તપણું પમાય છે. પૂર્વકાલીન સત્શીલ જીવોના નામ જનતા અદ્યાપિ બહુમાનપૂર્વક સંભારે છે, એ આની પ્રતીતિ છે. કહેવાય છે કે મહાશીલવંત શ્રી સ્થૂલભદ્રજીનું નામ ૮૪ ચોવીશી પર્યંત ચિરંજીવ રહેશે. દેવવૃંદો પણ શીલવંતના પદપદ્મમાં પ્રણામ કરે છે.

નાના પ્રકારના ઉપસર્ગો શીલમહિમાથી શીર્ણવિશીર્ણ થઇ જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સુદર્શન શ્રેષ્ઠીને શૂળીએ ચડાવવામાં આવ્યા, પણ શૂળીના સ્થાને દેદીપ્યમાન સિંહાસન થઇ ગયું.

શીલ રમતમાત્રમાં સ્વર્ગ–મોક્ષના સુખ અપાવે છે. આવું મહિમાવંત સત્શીલ પ્રજ્ઞાવંત સેવવા યોગ્ય છે, આરાધવા યોગ્ય છે, આચરવા યોગ્ય છે.

શાર્દૂલવિક્રીડિત

**અગ્નિ યે જલ થાય, ને ફણીય સ્રગ્, ને વ્યાઘ્ર સારંગ ને,**
**દુર્હસ્તી હય, શૈલ કંકર થતો, ને ઝેર સુધા બને;**
**વિઘ્નો ઉત્સવ થાય, શત્રુય સખા, અબ્ધિય ક્રીડાસર,**
**નિશ્ચે શીલપ્રભાવથી અટવીયે પોતાનું થાયે ઘર. ૪૦**

**ભાવાર્થ**—શીલના પ્રભાવે કરીને અગ્નિ પણ પાણી થઇ જાય છે, સર્પ પણ પુષ્પમાળા થાય છે, વ્યાઘ્ર પણ મૃગ બને છે, મદોન્મત્ત હસ્તી પણ કેળવાયેલા અશ્વ જેવો થાય છે, પર્વત કાંકરારૂપ બની જાય છે, ઝેર પણ અમૃતરૂપે પરિણમે છે, વિઘ્નો ઉત્સવમાં પરિવર્ત્તન પામે છે, શત્રુ પણ મિત્ર બને છે, સમુદ્ર પણ ક્રીડાસરોવર થઇ જાય છે અને અટવી પણ પોતાનું ઘર થાય છે.

શીલથી કેવા કેવા ચમત્કારો ઉપજે છે તે અહીં બતાવ્યું છે. શીલના પ્રભાવે અગ્નિ પણ પાણી થઇ જાય છે. સીતાજીને ધખધખતા અગ્નિકુંડમાં પ્રવેશ કરવાનું દિવ્ય કરાવવામાં આવ્યું, તેમાં તેને ઊની આંચ પણ ન આવી એટલું જ નહિં પણ અગ્નિને સ્થાને સુંદર જલાશય બની ગયું.

" अभिधायेति सा देवी प्रविवेशानलं च तम् ।
जातं च स्फटिकस्वच्छं सलिलं सुखशीतलम् ॥ "

**પદ્મપુરાણ.**

તે જ પ્રકારે સર્પ હોય તે પુષ્પમાળા બની જાય, વ્યાઘ્ર હરિણરૂપ બની જાય, જંગલમાં મંગલ થાય ઇત્યાદિ ચમત્કારો શીલપ્રભાવે નિપજે એમાં કંઇ આશ્ચર્ય નથી.

શીલ વિષે અન્યત્ર પણ સુભાષિત કહ્યું છે કે:—

" सीलगुणमंडियाणं, देवा भवियाण वल्लहा होंति ।
सुत्तपारगपउराणं, दुस्सीला अप्पिया लोए ॥
सव्वेविय परिहीणा, रूवविरूवा वि वदिदसुवयावि ।
सीलं जेसु सुसीलं सुजीविदं माणुसं तेसिं ॥ "

શ્રી કુંદકુંદસ્વામીકૃત શીલપ્રાભૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—શીલગુણથી વિભૂષિત ભવ્યોને દેવો પણ વલ્લભ હોય છે અને શ્રુતપારંગત દુઃશીલ જનો આ મનુષ્યલોકમાં પણ અલ્પ-ન્યૂન-હીન હોય છે, નિકૃષ્ટ-અધમ ગણાય છે.

જાતિ-કુલાદિથી પરિહીન હોય, રૂપથી વિરૂપ હોય, જરાવસ્થાને પ્રાપ્ત હોય, એવા પણ જે સુશીલ હોય તેનું મનુષ્યપણું સુધન્ય છે.

આ શીલની સંક્ષિપ્ત વ્યાખ્યા વિચારીએ. અત્ર પ્રસ્તુત વિષયમાં તો તેનો પ્રયોગ બ્રહ્મચર્યના અર્થમાં છે. બ્રહ્મચર્ય દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. દ્રવ્ય બ્રહ્મચર્ય ભાવ બ્રહ્મચર્યને ઉપકારી થાય છે. તે બ્રહ્મચર્ય મુનિને આશ્રી સર્વદેશીય છે અને ગૃહસ્થ આશ્રી એકદેશીય છે; આ પ્રત્યેકે સ્વ સ્વ વ્રતમર્યાદાનો અતિક્રમ ન કરવો તે શીલ કહેવાય છે.

' ब्रह्मणि चरणमिति ब्रह्मचर्यं '—બ્રહ્મમાં એટલે આત્મસ્વરૂપમાં ચરવું-વિહરવું-રમણ કરવું તે બ્રહ્મચર્ય. એ ભાવથી-પરમાર્થથી અર્થ ઘટે છે. કહ્યું છે કે:—

" विन्दन्ति परमं ब्रह्म यत्समालम्ब्य योगिनः ।
तद्व्रतं ब्रह्मचर्यं स्याद्धीरधौरेयगोचरम् ॥ "

**શ્રી જ્ઞાનાર્ણવ.**

અથવા શીલ એટલે સ્વભાવ-પ્રકૃતિ. જેમકે પરોપકારશીલ એટલે પરોપકાર સ્વભાવવાળો, પરિણમનશીલ એટલે પરિમણવાના સ્વભાવવાળો. આ વ્યાખ્યા આત્મા ઉપર ઘટાવતાં શીલ એટલે આત્મસ્વભાવ. આત્માના નિજભાવને અનુરૂપ જે કંઇ વર્ત્તન-આચરણ તે શીલ અને નિજ ભાવથી વિરૂપ-વિરુદ્ધ વર્ત્તન તે કુશીલ અથવા વ્યભિચાર. વિ=વિરુદ્ધ, વિપરીત, વિભાવ; અભિ=તરફ; ચાર=ચરવું તે; વિરુદ્ધ-વિભાવ ભણી વિચરવું તે વ્યભિચાર. સ્વભાવલક્ષી વર્ત્તન તે શીલ અને પરભાવલક્ષી-વૈભાવિક વર્ત્તન તે કુશીલ અથવા વ્યભિચાર. આમ વિશાળ અર્થમાં વ્યાખ્યા થઇ શકે છે; અને દ્રવ્ય બ્રહ્મચર્ય પણ આ વ્યાખ્યાના એક દેશમાં સમાઇ જાય છે; તેમજ ઉપરોક્ત વ્યાખ્યા સાથે પણ આ વ્યાખ્યા સુસંગત છે.

આ શ્લોકચતુષ્ટયનો સારાંશ:—

શાલિની.

**દુઃશીલથી થાય સર્વે અનર્થ, ને સત્શીલે સાંપડે સર્વ અર્થ:**
**શાલી શીલે શોભતા શીલશાલી. પામે ઋદ્ધિ સિદ્ધિ સર્વે રસાલી.**

॥ इति शीलद्वारम् ॥

ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનો માટે સાચી દિશા

જૈનો એટલે સત્ય અને અહિંસાના પાયાથી રચાયેલા શ્રી મહાવીરના ધર્મના અનુયાયી. આ મહાન સિધ્ધાંતોના અનુયાયી ધારે તો પોતાની કોમનો અને દેશનો સાચો ઉધ્ધાર કરી શકે; પણ તે કઇ રીતે બને ?

૧ અત્યારે ક્રિયામાં જે મહત્ત્વતા અપાઇ રહેલી છે તેને બદલે જીવનમાં તેના સિદ્ધાંતો ઉતારવા પ્રયત્ન કરે અને તે મહાન શક્તિઓ કેવું કામ કરે છે તેનો દાખલો જગતમાં બેસાડે

૨ પોતાની કોમમાં ઐકયતા-સંપ કેળવે.

૩ જૈન સાહિત્યનો મોટા પ્રમાણમાં સેવા રૂપે પ્રચાર કરે.

૪ અત્યારે જૈન ફીરકાઓમાં ઝઘડાઓ થતા જોવાય છે તેને બદલે મત-મતાંતર છોડી જૈનોનું સંગઠ્ઠન કરવા પ્રયાસ કરે.

૫ જ્ઞાતિના અને સંઘના ઝઘડાનો સદા માટે અંત લાવે.

૬ જૈન શ્રીમંતો પોતાની કોમનો ઉધ્ધાર કરવા રચનાત્મક કાર્ય કરે, કામ-વિનાના માણસોને કામ દેવા નવા ઉદ્યોગો સ્થાપે, કેળવણી માટે સુંદર રસ્તાઓ ગોઠવે, શારીરિક શક્તિ કેળવવા વ્યાયામશાળાઓ ઉત્પન્ન કરે અને નૈતિક જીવન કેળવવા પાઠશાળાઓમાં સાચા સેવાભાવવાળા અધ્યાપકો મૂકી પાઠશાળાઓને સુંદર બનાવે.

૭ પરદેશી કાપડ, મિલનું કાપડ, રેશમી કાપડ તથા દવા વિગેરે જે હિંસાથી બનાવવામાં આવે છે તેનો વપરાશ તદ્દન બંધ કરવા અહિંસક દૃષ્ટિએ પ્રયત્ન કરે.

૮ ખાદી જેવી પવિત્ર વસ્તુથી સાદું અને અહિંસક જીવન ગાળી શકાય છે. તેથી તેવી મજબૂત ભાવના કેળવે.

૧૦ હોટેલના પદાર્થો અને સોડા લેમનના પીણા આપણા શરીરને કેટલા બગાડી રહ્યા છે તે વિચારી બંધ કરવા પ્રયાસો કરે.

૧૧ વિધવા બ્હેનો પોતાનો ટાઇમ નકામો ન ગાળે તથા તેમને કામ મળે તેટલા માટે ઘરના ને બ્હારના ઉદ્યોગો ખાસ ઊભા કરે.

૧૨ પૂજ્ય સાધુ-સાધ્વીઓ ત્યાગદૃષ્ટિએ શુદ્ધ જીવન ગાળે તેવો શ્રીસંઘ પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે અને પરદેશી કાપડ, મિલનું કાપડ, પરદેશી દવા વિગેરે તેમને આ જીવનમાં કઈ રીતે કલ્પી શકે ? તેનો સાચા હૃદયથી વિચાર બતાવે.

૧૩ મારવાડ જેવા દેશો કે જ્યાં ઉપદેશની ખાસ જરૂર છે તે તરફ વિહાર કરવાની પૂજ્ય મુનિ મહારાજાઓને ફરજ સમજાવે.

૧૪ જે જે સંસ્થાઓમાં એકહથ્થુ સત્તાઓ હોય ત્યાંથી તેવી સત્તા નાબૂદ કરવા માટે તે ઠેકાણે સેવાભાવી માણસો બેસાડી તેવી સંસ્થાઓને સાચા રસ્તે મૂકે.

૧૫ જૈનસંસ્થાઓનું નાણું બીજે ઠેકાણે ધીરવામાં આવે છે તેને બદલે જૈનોને રહેવા માટે ચાલીઓ બાંધવામાં તથા કેળવણી માટે જરૂરી બાબતોમાં વપરાય-તેમજ બીજા કોઇ જરૂરી સાધનોમાં તેનો ઉપયોગ થાય તેમ કરવાનું ખાસ જરૂરી છે. આથી સંસ્થાઓ વ્યાજ જેટલું તો જરૂર મેળવી શકશે અને પોતાની કોમને ઉપયોગી થઇ શકશે.

૧૬ અત્યારે ગામડાં પાયમાલ થતાં, ખેતીનો નાશ થતાં, ઢોરો કતલખાના તરફ જવા માંડ્યા છે, માટે આ હિંસા અટકાવવા સારૂ ઢોરો ઉછેરવા જીવદયા-રક્ષક મંડળો દરેક જગ્યાએ સ્થાપી, તેના દૂધનો ઉપયોગ ડેરી મારફત કરવામાં આવે તેવું કરવાનું ખાસ જરૂરનું છે. આથી લોકોને ઘી, દૂધ સારું અને સસ્તું મળી શકશે અને હિંસા થતી અટકી જશે.

૧૭ પૂજ્ય સાધુ–સાધ્વીઓ પાલિતાણા જેવા સ્થળોમાં મોટા પ્રમાણમાં લાંબો વખત રહે છે તે જૈન મુનિઓના સિદ્ધાંત વિરુદ્ધ કેમ ન ગણાય ? ( શ્રી મહાવીરસ્વામીના આચારધર્મ ને સંયમધર્મના પુસ્તકો આ માટે સ્પષ્ટ ખ્યાલ આપે છે ) જો આપણા પૂજ્ય મુનિઓ દરેક ગામડે ફરી પોતાની ફરજ અદા કરે તો કેટલું સરસ કાર્ય કરી શકે અને પોતાનું તથા પરનું કલ્યાણ કરી શકે.

૧૮ જૈન શ્રીમંતો જો સાચા શ્રીમહાવીરના અનુયાયી હોય તો તેઓને એટલું અભિમાન હોવું જોઈએ કે આપણો એક પણ જૈન ભાઇ ગરીબ અને નિરુદ્યમી ન હોવો જોઈએ.

જે કોમમાં ઐકયતા, પ્રેમ, સાચી સેવા, અહિંસક ભાવના, પવિત્ર જીવન અને ઉદાર વિચારો છે તે કોમનો તથા દેશનો વિનાવિલંબે ઉદ્ધાર થઇ શકે છે એમ મહાપુરુષોનું કહેવું છે. વીરબાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક-પુરૂષો

## અભયકુમાર

ભાસ્કરદેવના મધુરા લાગતાં કિરણો સમયના વધવા સાથે ઉષ્ણતાને ધરવા લાગ્યા. જનતાનું સંખ્યાપ્રમાણ પણ અતિ વધી પડયું. એક તરફ અધિકારી વર્ગ અને પોતાનું સ્થાન પણ પ્રજ્ઞાસંપન્નની કક્ષામાં છે એમ માનતો સમુદાય જ્યારે બીજી તરફ કેવળ કુતુહળવૃત્તિથી ખેંચાઈ આવેલ અગર 'તમાસાને તેડું નહિં' એ ઉક્તિ અનુસાર વિનાઆમંત્રણે પધારેલ જનવૃંદ. આમ જનતારૂપી મહાસાગરમાં વ્યવસ્થા સાચવવા હરફર કરતા રાજ્યના સુભટો એ તો સાગરના પાણી પર લટાર મારતી નાનકડી નાવડીઓ સમ દૃશ્ય રજૂ કરતા. સૌ કોઈનું લક્ષ્ય સાથોસાથ આવેલા કૂપયુગલ પ્રતિ હતું અને એમાંની કેટલીક જિહ્વાઓ અસ્ફુટ સ્વરે ભાષાવર્ગણાના જે પુદ્ગલોનું આંદોલન પ્રગટાવતી તેમાં કેવળ નિરાશા ને હતોત્સાહનો ભાસ થતો!

'અહો ! આટઆટલા બુદ્ધિસંપન્નોના પ્રયાસ નિરર્થક જ ગયા ને ! રાજકાજના અતિ અટપટીયા પ્રશ્નોમાં જેમનું સારુંયે જીવન વ્યતીત થયું છે અને સંધિ-વિગ્રહની આંટીઘુંટી ઉકેલી જેમના વાળિયાં પણ સફેદ થવા આવ્યાં છે એવા આ પ્રધાનો, આ દિવાનો, કેમ આજે આશાદીપકને બુઝાવી બેઠા છે ? તેમની જ્ઞાનનું આટલી હદે તળીયું દાખવનાર રાજનો કોયડો પણ અજબ ગણાય !'

ત્યાં તો સંભળાય છે કે-રાજવી બિંબિસાર પણ જબરા ! બાપ કરતાં બેટા સવાયા ! રાજગાદી પર પગ માંડતાં જ બુદ્ધિના અખતરા આરંભી દીધા. અરે ! તેવી શક્તિ વિના મગધ જેવા મહારાજ્યના સ્વામી બનાય છે ? એમ ન હોત તો મરણપથારીએ સૂતેલા મહારાજને કયાં પુત્રો ઓછા હતા ? પણ તેમના માટે તો વેગવંતી સાંઢણીઓ દોડાવેલી ! ખરું જ કહ્યું છે કે—

'તારાકી જ્યોતમેં ચંદ્ર છુપે નહીં,
સૂર છુપે નહીં બાદલ છાયા; '

અરે ! એક બટકબોલાએ તો વાતનો મેળ મેળવતાં કહી નાખ્યું કે-' ભાઈઓ ! અશ્વ ખેલાવનારા ને શસ્ત્રોના દાવ રમનારા ક્ષત્રીકુંવરોમાં આવી બુદ્ધિપ્રગલ્ભતા સંભવે જ નહીં; પણ આપણા આ નવા મહારાજાએ તો પરદેશમાં ભ્રમણ કરી, જાતજાતની ચતુરાઈ પ્રાપ્ત કરી છે. અરે ! બેનાતટના એક શેઠની પુત્રી સાથે ગૃહસંસાર પણ માંડ્યો છે અને વણિકોની પ્રજ્ઞાસંપન્નતા કોણ નથી જાણતું ? '

'આંગળ કહીને માંગળ વાસે,
માંગળ કહીને મૂલ પ્રકાસે;
મૂલ જણાય તો કાડે હાંસે,
વણિક કળાથી દેવ પણ નાસે.'

એ તો સુપ્રસિદ્ધ વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરત જ એક જણે ટાપશી પૂરી. વાત સો ટચના સુવર્ણ માફક સાચી છે. પ્રિય રાણીને એક પુત્ર પણ થયો છે અને હવે ટૂંક સમયમાં જ એ મા-દીકરાને આપણા રાજા અહીં બોલાવી લેવાના છે.

આ કથન તરફ સ્હેજે એક પરદેશી જણાતા યુવકની દૃષ્ટિ ખેંચાઇ. એણે જરા આગળ આવી આજની આ મેદની શેને આભારી છે? એ જાણવા ઇચ્છા પ્રગટ કરી.

પેલાએ જવાબ આપતાં જણાવ્યું કે–'જુઓ ભાઇ પરદેશી! પેલા બે કૂવા છે ને, એમાંના એકમાં અમારા રાજવીએ રત્નજડિત મુદ્રિકા નાંખી છે અને આજ્ઞા ફરમાવી છે કે કૂવામાં ઉતર્યા વગર કાંઠા પર ઊભા રહી એ મુદ્રિકા કાઢવી. જે વ્યક્તિ એમાં ફતેહમંદ થશે તેને મુખ્ય મંત્રીનો અધિકાર પ્રાપ્ત થશે.'

ઊભા ઊભા લોહીનું પાણી થવા આવ્યું અને સુરજ પણ માથે ચડવા માંડ્યો છતાં હજુ કોઇ બત્રીશદંતો વિજય નથી મેળવી શક્યો! કેટલાયે ફાંફાં મારી ગયા!

'અરે! એમાં શું ભારે કામ છે?' માંડ હજુ તારુણ્યના પ્રાંગણમાં પ્રવેશતા એ પરદેશીના શબ્દો શ્રવણ કરતાં જ ઘણા અચંબો પામી ગયા. એકાદ જણ તો બોલી પણ ગયો કે–'આ કંઇ બાળકના ખેલ નથી. ભલભલા બુઝર્ગો જ્યાં પાછા પડ્યા ત્યાં ત્હારા સરખા ઊગતા યુવકનો ગજ વાગશે?' પરદેશી યુવાને દૃઢતાથી જવાબ વાળ્યો કે–' જો બુદ્ધિનો એકહથ્થુ ઇજારો [illegible] [illegible] ના નીતિકારોને 'બાલા-દપિ હિતં ગ્રાહ્યં' જેવા સૂત્રની રચના કરવાની જરૂર ન રહેત! જ્ઞાનપ્રાપ્તિ વૃદ્ધ, યુવા કે બાળવય પર અવલંબતી નથી, પણ એનો આધાર તો વ્યક્તિના ક્ષયોપશમ પર રહેલો છે.'

ચતુરાઇયુક્ત વચનોએ પરદેશીનો માર્ગ મોકળો કર્યો. કૂવા સન્મુખ પહોંચતાં જ રાજવીના અખતરા પાછળનું રહસ્ય સમજાયું. ભારવટ પર 'ધવલે ટોડે ઘર કહીઆ' જેવા માર્મિક વચન લખી જનાર પિતાની બુદ્ધિ માટે બહુમાન જન્મ્યું. ખાલી કૂવામાં પડેલ વીંટી, સમિપમાં જળથી પૂર્ણ બીજો કૂવો, અને ઉભયમાં જળની ફેરબદલી થઇ શકે તેવી રચના જોતાં જ યુવાને પોતાની યોજના ગોઠવી કાઢી. અનુચર મારફત લીલું છાણ મંગાવી, બરાબર વીંટી પર ગોળો કરી ફેંક્યું, મુદ્રિકા એમાં ચોંટી ગઇ કે તરતજ તેના ઉપર અગ્નિ ફેંક્યો. અલ્પકાળમાં જ તાપથી એ સૂકા છાણ રૂપે પરિણમ્યું, એટલે તરત જ બાજુના કૂવાનું પાણી આ કૂપમાં વાળતાં જ તે છાણું તરતું ઉપર આવ્યું. હજારો નેત્રો જેના કાર્ય પ્રતિ એક લક્ષ્ય કરી રહ્યાં હતાં એવા તે યુવાને તેમાંથી વીંટી કાઢી રાજવીના કરમાં સોંપી દીધી. પરદેશથી આવેલ અને રાજ્યવહીવટની શું ચીજ છે? એનો કક્કો સરખો પણ જેણે ઘુંટ્યો નથી એવા આ [illegible] શિરે, પૂર્વપુન્યના સામર્થ્યની [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિકી બુદ્ધિના [illegible], મુખ્યમંત્રીપણાનો મુગટ જનતાના જયનાદો વચ્ચે પહેરાવાયો. ભૂપ શ્રેણિક આ નવયુવાનની તેજસ્વી બુદ્ધિથી રાજી થયો. એટલું જ નહિં પણ કુદરતી એના પ્રતિ એકાદ અંગત જ સંબંધી ન હોય તેવું વ્હાલ છૂટવા લાગ્યું. એની આકૃતિ ને મુખમુદ્રા નિહાળતાં જ વર્ષો પૂર્વેની એકાદ સ્મૃતિ ચક્ષુ સામે રમવા માંડી. તેનાથી સહજ પ્રશ્ન પૂછાયો કે–

'ભાઇ! તું કયા નગરથી આવે છે?'

'મહારાજ! હું બેનાતટથી આવું છું.'

'બેનાતટવાસી ધનાવહ શેઠને તો તું ઓળખતો હઇશ. તેમની પુત્રી સુનંદા વિષે તને કંઇ માહિતી છે?'

'રાજન્! એ સર્વ સાથે તો મારે ઘર જેવો સંબંધ. સુનંદાનો તેજસ્વી પુત્ર એ તો મારો જીગરજાન મિત્ર. મારાથી એ વિખુટો રહી શકે જ નહીં ને!'

'તો પછી, તે ત્યાં અને તું અહીં કેમ?'

'ના રે ધરાધિપ! એ માતુશ્રી સુનંદા સહ અહીં આવેલ છે. સામે દેખાતા ઉદ્યાનમાં જ ઉતરેલ છે.'

'તો ચાલ ભાઇ! મને સત્વર એમનો મેળાપ કરાવ.'

રાજકાજની ગાઢી જંજાળમાં પિતાશ્રીના સૃષ્ટિપટ પરથી ચાલી જવાના સમયમાં, સ્નેહના આદ્ય પ્રસંગને હૃદયતટ પર અવધારેલ છતાં, એ સંબંધમાં બાહ્યથી કંઇ માર્ગ નિરધારી શક્યો નહોતો. અન્ય [illegible]ના રમણમાં એ સ્મૃતિ તાજી થતાં [illegible]માં તો વિલીન થઇ જતી! અહા!

પુરુષજાતિ જ આ બનાવ શોધે છે. સ્ત્રીજાતિ માટે ભાગ્યેજ આવો કિસ્સો થઇ શકે. એના હૃદયમાં પ્રીતમ માટેની પ્રીતિ કેટલી ઊંડાઇએ હોય છે એ માપવા કોણ સમર્થ છે? એ સ્નેહ પાછળ રક્તનાં શોષણ કરતાં કે દેહના બળિદાન દેતાં પણ નારીજાતિ પાછીપાની કરતી નથી એ શું ઓછા ગૌરવનો વિષય છે! પણ 'પુરુષપ્રધાનત્વ' ના ઘેનમાં એ સમજાય છે ખરું?

'મગધના સ્વામી! આ રહ્યા માતુશ્રી સુનંદા!'

એ સ્વર કર્ણપટ પર અથડાતાં, ને ઊંચી નજર કરતાં હૃદયવલ્લભ શ્રેણિકને નિરખી, સુનંદાના લોચન આનંદભારથી નીચા નમ્યા. તરત જ ગાલીચા પરથી ખસી જઇ નાથને બેસવા સારુ સ્થાન કર્યું.

સ્નેહના તારમાં ઝણઝણાટી એ તો સ્વભાવથી જ છે અને એમાં પણ યુવાની અગ્રભાગ ભજવતી હોય ત્યારે શું કહેવાપણું રહે? રાજા કે રાણી છતાં દંપતી તો ખરાં જ ને? વિયોગીઓનો વર્ષો પછી સંયોગ. એ આનંદના દર્શન પરસ્પરના નયનોમાં થઇ શકે, બાકી એ વર્ણવી ન જ શકાય. અનુભવગમ્ય છે માટે જ.

શ્રેણિકને સચિવની હાજરીમાં એમાં ડૂબી જવાનું વ્યાજબી ન લાગ્યું, તેમ સુનંદાના મિલનમાં પુત્રના દર્શન થયા નહીં એટલે સહજ પ્રશ્ન કર્યો કે—

'રાણી! કુંવર ક્યાં છે? રાજમહાલયમાં જવાની ઢીલ થાય છે!' જવાબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું કોઈ શકે ! ક્યાંય સુધી સુનંદા સ્મિત કરતી ઊભી જ રહી ! નવયુવક, અરે ભૂપનો મહામંત્રી પણ મૂક ભાવે જોઈ જ રહ્યો ! શ્રેણિક ભૂપની મૂંઝવણ વધવા માંડી.

ત્યાં તો અજાયબીના પડલ ચીરી અવાજ આવ્યો કે—'આપ કેમ એવો સવાલ કરો છો ? સામે ઊભેલ છે અને જેની સહ આપ અત્રે પધાર્યા છો એ જ આપનો પુત્ર અભય.' એ શ્રવણ કરતાં જ શ્રેણિક નૃપના આનંદનો પાર ન રહ્યો ! પુત્ર જ નહિં પણ સાથોસાથ બુદ્ધિમત્તાનું મૂર્તિમંત સ્વરૂપ ! એ જ પોતાનો મહામંત્રી ! સોનું ને સુગંધ મળ્યા તુલ્ય ! અથવા તો મોસાળ જમણ અને મા પીરસનાર ! ! એ સર્વને અંતરમાં સમાવી અભયકુમારને ઉદ્દેશી રાજવીએ જણાવ્યું કે–' યુવાન મંત્રી ! કુંવરના મિત્ર તરીકે ઓળખાવી આવી છેતરપીંડી કરવાનો અપરાધ કરવા બદલ મારે વિચાર કરવો પડશે.'

'પિતાશ્રી ! એમાં અપરાધ જેવું શું છે ? સાચા સુહૃદોના દેહ જુદા છતાં હૃદય એક જ કહેવાય છે અને માતાનાં હૃદયમાં પુત્ર માટેનું સ્થાન એવું નિશ્ચળ હોય છે કે તે કદાચ તેનાથી દૂર પણ હોય છતાં વસ્તુતઃ દૂર ન ગણાતાં સમિપ જ કહેવાય. આ મંતવ્ય નીતિવેત્તાઓનું હોવાથી ભાગ્યે જ એ પ્રમાણે વર્તનાર અપરાધી લેખાય.'

રાજગૃહની પ્રજા મુદ્રિકાના બનાવથી તરુણ યાને અભયકુમાર પ્રતિ સ્નેહ નજરે જોતી થઈ હતી જ અને જ્યારે લોકવાયકા પ્રસરી કે 'એ તરુણ તો મહારાજ શ્રેણિકનો પાટવી કુંવર ! અરે ભાવિ યુવરાજ છે અને મહારાજા બેનાતટ રહેલા ત્યારે જે વણિકપુત્રી સુનંદા સહ પાણિગ્રહણ કરેલું તેનો બુદ્ધિમાન પુત્ર છે.' ત્યારે તો હર્ષાતિરેક થઈ પડ્યો. અંતરના ઉભરાતા ઉમળકાઓવડે પ્રજાએ એમનો સત્કાર કર્યો. રાજમહાલયમાં આનંદમંગળ વરતાયો. પિતાપુત્રનો આ જાતનો માતભર્યો મેળાપ એ વિરલ જ ગણાય.

( ચાલુ ) ચોકસી

## એક સુંદર વાક્ય

'મારી સામે કોઈ બોલે કે અપમાન કરે તો હું બોલું, પણ જૈન શાસન સામે કે સંઘ સામે બોલે તો નાહક મારે તેનો વિરોધ કરીને તેની જોડેનો સંબંધ શા માટે તોડવો ?' આવા વિચારો સુજ્ઞ ગણાતાઓ પણ કરે છે. શાસનની ખરી દાઝવાળાની માન્યતા આ કરતાં ઊલટી જ હોય છે. તેઓ પોતાને માટે ગમે તેવું વાંકું બોલે તે સહન કરી જાય, પરંતુ શાસન માટે વાંકું બોલનારને સહન ન કરે. તેને પરાસ્ત કરવા બનતો પ્રયત્ન કરવામાં બાકી ન રાખે. આ જ ખરા સમકિતદષ્ટિનું લક્ષણ છે; પણ તે કોઈક જ જગ્યાએ દેખાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોના સમાધાન

[ ' આમાં પ્રશ્નો લખ્યા નથી પરંતુ ઉત્તર ઉપરથી સમજી શકાય તેમ છે. ' ]

( પ્રશ્નકાર—રાજમલ ભંડારી-આગર. )

પ્રશ્ન ૧ થી ૫ શ્રી મલ્લિનાથસ્વામીના સંબંધના છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે-મલ્લિનાથજી સ્ત્રીપણે તીર્થંકર થયા તે અનંતકાળે થયેલા આશ્ચર્યભૂત છે તેથી તેમજ તીર્થંકર કલ્પાતીત હોય છે તેથી તેમને માટે સ્થવિરકલ્પી મુનિ વિગેરેના વ્યવહારનો મુકાબલો કરવો નહીં. તેઓ પુરુષોને ગણધર પદ આપે છે. તેમના ગણધરો પુરુષો જ હોય છે. અનેક પુરુષોને પ્રવ્રજ્યા આપે છે. પુરુષ તીર્થંકરની જેમ સમવસરણમાં બાર પર્ષદા વચ્ચે સિંહાસન પર બિરાજી દેશના આપે છે. માત્ર તેઓ બીજા પ્રહરે જ્યારે દેવછંદામાં બિરાજે છે ત્યારે તેમની સેવા માટે સાધ્વીઓ જાય છે. તેમને આહારાદિ લાવી આપવાનું કામ સાધ્વીઓ કરે છે. વિહાર વખતે ગણધરો ને સાધુસાધ્વીઓ સર્વ સાથે હોય છે. તેમને પુરુષને અડવાનું કાંઇ પ્રયોજન નથી. બાકી અવેદી થયેલા હોવાથી બાધક નથી. દિગંબરીઓ તેમને પુરુષપણે થયેલા જ માને છે પરંતુ એ માન્યતા બરાબર નથી. જૈન શાસ્ત્રમાં પુરુષની પ્રાધાન્યતા કહી છે તે બરાબર છે, પરંતુ તે હકીકત સ્ત્રી તીર્થંકર માટે પણ સમજવાની નથી.

છઠ્ઠો પ્રશ્ન પુન્ય પાપનો અથવા શુભાશુભ કર્મનો બંધ અધ્યવસાય પ્રમાણે થાય છે, તો કોઇ શુભ અધ્યવસાયથી દેવી પાસે પશુ વિગેરેનું બલિદાન આપે તો તેને બંધ કેવો પડે ? એવો છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે-એમાં શુભ અધ્યવસાય જ હોય નહીં. હિંસા કરવાના અધ્યવસાય તે અશુભ અધ્યવસાય જ છે, તેથી તેને અશુભ કર્મનો જ બંધ પડે એ નિઃસંશય હકીકત છે.

પ્રશ્ન ૭-૮-૯ આ ત્રણ પ્રશ્નો સ્ત્રીપુરુષના સમાન હક્કને અનુસરીને વિધવા સ્ત્રીના લાભ માટે કરેલા છે, પરંતુ એ વિષયમાં વ્યવહારની પ્રાધાન્યતા માનવાની છે, જ્ઞાતિપ્રબંધને અનુસરવાનું છે, એ સંબંધમાં વધારે ચર્ચામાં ઉતરવા જેવું નથી.

૧૦ થી ૧૩ સુધીના ચાર પ્રશ્નો પિતા-પુત્રના સંબંધ વિષેના છે. એમાં પુત્રે બની શકે ત્યાં સુધી અનેક વિપત્તિઓ સહન કરીને પણ પિતાની ભક્તિમાં તત્પર રહેવું. પિતા કદી અયોગ્ય આજ્ઞા કરે તો તેનું બુદ્ધિથી નિવારણ કરવું. આ બાબતમાં વિશેષ સ્પષ્ટ ઉત્તર આપતાં પિતૃભક્તિમાં ખલેલ પડે તેવું લાગે છે, તેથી તેવે પ્રસંગે પુત્રે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો; કારણ કે માતા-પિતાના ઉપકારનો બદલો કોઇ રીતે વળી શકતો નથી એવું સિદ્ધાંતનું વચન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ થી ૧૬ સુધીના છેલ્લા ત્રણ પ્રશ્ન જિનપ્રતિમા ઘરે લાવીને રાખવા સંબંધી છે. તેના ઉત્તરમાં જણાવવાનું કે ઘરમાં યોગ્ય ગોઠવણ સિવાય ને દરરોજ ભક્તિ કરવાની ભાવના સિવાય જિનમૂર્તિ લાવીને ઘરે રખાય જ નહીં. આરસના બિંબ તો ઘરદેરાસરમાં પણ રખાય નહીં. બાકી ઘરે જિનપ્રતિમા લાવીને ભક્તિ ન કરે, આશાતના ન નિવારે તો તે મહાપાપના ભાગી થાય એ પ્રત્યક્ષ છે. આ સંબંધમાં વધારે લખવાની જરૂર નથી. કુંવરજી

( ૨ )

( આમાં પણ પ્રશ્નો લખ્યા નથી. )

( પ્રશ્નકાર—શા. મંગળદાસ કંકુચંદ–શાસડી. )

૧ રાત્રે તિવહાર ચોવિહાર કરનારને સવારે નવકારશી કરવી જ પડે એવો નિરધાર નથી. તેનું પ્રત્યાખ્યાન નવો સૂર્ય ઉદય થતા સુધીનું છે.

૨ પગમાં બુટ પહેરીને પૂજાના લુગડાં લઇ જવામાં બાધ નથી.

૩ જાજરૂ ગયેલા લુગડા પહેરીને સામાયિકના કે પૂજા વિગેરેના લુગડાં લઇ જવામાં બાધ નથી, પણ પૂજાના લુગડાં શુદ્ધ વસ્ત્ર પહેરીને લઈ જવા ઠીક છે.

૪ સવારના કે સાંજના પ્રતિક્રમણમાં ચૈત્યવંદન કરતાં ઉત્તરાસન નાખવાની જરૂર નથી. ઉત્તરાસન પ્રતિક્રમણમાં રાખવાનું જ નથી.

૫ પૌષધ એક દિવસનું ચારિત્ર છે, પણ તેમાં સંસારના સંબંધ સર્વથા છોડેલા ન હોવાથી સંસારી સંબંધના નામથી બોલાવવામાં બાધ જણાતો નથી.

૬ દૈવસિક કે પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં પ્રારંભમાં ચાર સ્તુતિવડે દેવ વાંદવાનું બાકી રહેલ હોય તો તે છ આવશ્યક પૂરા થતાં નમોઽસ્તુ વર્ધમાનાય કહ્યા પછી નમુથ્થુણં કહીને જ વાંદવા. સામાયિક પારતાં ચઉક્કસાય પછી એ ક્રિયા કરાય નહીં.

૭ નિરંતર શિયળ પાળવાના નિયમવાળો મુખચુંબનાદિ કરે તો અતિચાર દોષ લાગે. બ્રહ્મચારીએ એ ક્રિયા કરવી તે અઘટિત છે. તિથિ વિગેરેના નિયમવાળો જે ભાંગે નિયમ લીધેલ હોય તે ભાંગે પાળે.

૮ બ્રહ્મચર્ય શબ્દ સર્વથા શિયળ પાળવાના સંબંધમાં વપરાય છે અને સામાન્ય રીતે શિયળ પાળવાના અનેક પ્રકારો–ભેદો છે.

૯ જાજરૂ ગયેલાએ પગમાં બુટ પહેર્યો હોય તો પણ હાથ પગ ધોવા જ જોઇએ; કારણ કે પગ ઉઘાડા હોય ત્યાં અશુચિના છાંટા લાગવાનો સંભવ છે. [illegible] અગ્નિ ભારી લઇને ભારી રીતે ધોવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ નાહીને અંગુછાવડે શરીર લુછી કામળ પહેરી પૂજાનાં લુગડાં પહેરવા એ જ ઠીક છે. કામળ પહેરવાથી શરીર નિર્જળ થઇ જાય છે. અંગુછો વીંટીને પૂજાના લુગડાં પહેરવા જવું યોગ્ય લાગતું નથી. અહીં કામળ સારી રહેવી જોઇએ એ હકીકત ઉપર આગેવાનોનું ધ્યાન ખેંચવું.

૧૧ પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં આલોયણ તરીકે કહેવાતા તપમાં ઉપવાસ કહેવાય છે તે તિવિહારા અથવા ચોવિહારા બંને થઇ શકે.

૧૨ અગ્યારશની તપસ્યા ઉચ્ચરનાર શુદિ ૧૧ શે તપ ન થાય તો વદિ ૧૧શે કેટલાક કરે છે; પણ ખરી રીતે તો નિરધારેલ મુદ્દત પછી એક માસ આગળ લઈ શુદિ ૧૧ ના રોજ તે તપ કરવો યોગ્ય છે.

૧૩ પંચમી કે એકાદશી ઉચ્ચરનારે તે તિથિનો ઉપવાસ કર્યો હોય તે પાક્ષિકની આલોયણમાં ન ગણાય.

૧૪ મુનિના અભાવે પ્રાતઃકાળે ગુરુની મૂર્ત્તિ, ફોટો કે છબિને વંદન કરવું. એમાં પણ ખાસ કરીને શ્રી ગૌતમસ્વામીની છબિને વંદન કરવું વધારે ઠીક છે.

૧૫ રાત્રે સ્ત્રી સહિત શયન કરવાને સ્થળે દેવગુરુના ફોટા બાંધી રાખવા ન જોઇએ. તેની આશાતના થાય.

૧૬ દેરાસરમાં ચારે બાજુ પ્રતિમાજી ન બેસાડાય. ગભારામાં તો સામે કે બે બાજુ હોય. રંગમંડપમાં ફરતા ગોખલામાં હોય તે જુદી ગણવી. રંગમંડપમાં પ્રતિમા બેસાડવાની પ્રવૃત્તિ જ નવી જણાય છે. **કુંવરજી**

( ૩ )

( પ્રશ્નકાર—અગરચંદ નાહટા. સીલહટ. )

**પ્રશ્ન ૧**—મિથ્યાત્વને ગુણસ્થાન કહેવાનું કારણ કર્મગ્રંથમાં શું કહ્યું છે?

**ઉત્તર**—એના કારણ તરીકે ગુણસ્થાનક્રમારોહમાં બહુ વિસ્તારથી જણાવેલ છે. તેના સાર તરીકે જણાવવાનું કે-પ્રથમની ચાર દૃષ્ટિ સુધી સમકિતની ભજના છે, પાંચમી દૃષ્ટિ પામે ત્યારે સમકિતનો નિરધાર થાય છે. એ ચાર દૃષ્ટિની સજ્ઝાય વાંચો કે તેમાં કયા કયા ગુણ મિથ્યાત્વી કહેવાતા જીવમાં પણ હોય છે તે બતાવેલ છે. વળી અનંતર સમયે જે જીવ સમકિત પામવાનો હોય તેનામાં કેટલા ને કેવા કેવા ગુણ હોવા જોઇએ તે સ્વતઃ વિચારી જોશો. આ કારણથી જ મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વ ગુણસ્થાનવાળાને તેમાં જુદા સમજાવેલા છે. ( જુઓ ગુણસ્થાનક્રમારોહ ભાષાંતર ) જ્યારે ચૌદ ગુણસ્થાનમાં સર્વે જીવોનો સમાવેશ કર્યો હોય ત્યારે તો નિગોદના જીવોને પણ પહેલા ગુણસ્થાનકવાળા ગણવા પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૨**—દેશવિરતિ-સર્વવિરતિપણું નહીં પામેલા જીવને માત્ર ક્ષયોપશમિક સમકિત કેટલો કાળ રહે ? એ સ્થિતિ નિરંતર સ્વરૂપથી છે કે લબ્ધિરૂપે હોય છે ?

**ઉત્તર**—દેશવિરતિ સર્વવિરતિ ભાવ ન પામે તો ૩૩ સાગરોપમ સાધિક જ રહે અને એ ભાવ સાથે તો ૬૬ સાગરોપમ સાધિક રહે અને તે સ્થિતિ અવિચ્છિન્નપણે જ ક્ષયોપશમ સમકિતની સમજવી.

**પ્રશ્ન ૩**—સર્વે દેવો એક પક્ષે શ્વાસોશ્વાસ લે છે કે ઓછાવત્તા વખતે લે છે ?

**ઉત્તર**—એક સાગરોપમના પૂરા આયુવાળા દેવો એક પક્ષે શ્વાસોશ્વાસ લે છે, તેથી ઓછા આયુવાળા ઓછે વખતે અને વધારે આયુવાળા જેટલા સાગરોપમનું આયુ હોય તેટલા પક્ષે લે છે. યાવત્ સર્વાર્થસિદ્ધના ૩૩ સાગરોપમ આયુવાળા દેવો ૩૩ પક્ષે શ્વાસોશ્વાસ લે છે.

**પ્રશ્ન ૪**—ચોસઠ ઇંદ્રો મનુષ્યલોકમાં કયા કયા પ્રસંગે આવે છે ? તે અહીં આવે ત્યારે દેવલોક તેના વિના શૂન્ય રહે છે ? અહીં આવીને તેઓ શું કરે છે ? અને ઉપરના દેવલોકના ઇંદ્રને અહીં આવતાં પહેલા બીજા દેવલોકના ઇંદ્રો કરતાં વધારે વખત લાગે છે કે કેમ ?

**ઉત્તર**—ચોસઠ ઇંદ્રો મનુષ્યલોકમાં તીર્થંકરના કલ્યાણકોએ મહોત્સવ કરવા આવે છે. સામાન્ય કેવળીના અથવા મહાત્મા અણગારોના ગુણોથી આકર્ષાઇને કેટલાક દેવો આવે છે. તેમજ સતી સ્ત્રીઓના કે બીજા ધર્મી જનોના સંકટ ટાળવા માટે આવે છે. પૂર્વભવના સ્નેહથી આકર્ષાઇને આવે છે. કોઇ પણ દેવ કે ઇંદ્ર મૂળરૂપે પોતાનું સ્થાન છોડીને જતા જ નથી, ઉત્તરવૈક્રિય કરીને જ જાય છે, તેથી ઇંદ્રનું સ્થાન શૂન્ય રહેતું નથી. સર્વે ઇંદ્રો કલ્યાણકાદિ પ્રસંગે આસનકંપથી એક સાથે મનુષ્યલોકમાં આવે છે. ઉપરના ઇંદ્રાદિકની ગતિ શીઘ્ર હોય છે.

**પ્રશ્ન ૫**—કોઇ પણ જીવને ભવ્ય કે અભવ્ય જાણવાની ખાસ નિશાની છે ? હું ભવ્ય છું કે અભવ્ય ? એવી જેને શંકા થાય એ ભવ્ય જ હોય એમ શાસ્ત્રમાં કહેલ છે તે બરાબર છે ?

**ઉત્તર**—એ વાત બરાબર છે. અભવ્યને 'હું ભવ્ય હોત તો ઠીક થાત' એવી ચાહના જ થતી નથી અને ઉપર પ્રશ્નમાં લખેલ શંકા પણ થતી નથી.

**પ્રશ્ન ૬**—એક આકાશપ્રદેશ અવગાહીને આખો જીવ રહી શકે નહીં ... [illegible] આકાશપ્રદેશ અવગાહીને જ રહી શકે. પરંતુ એક આકાશપ્રદેશ ઉપ

For Private And Personal Use Only

## પરમયોગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી

હું છેલ્લા ૪૫ વર્ષથી શાંતમૂર્તિ અને પરમ યોગીશ્વર મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીને ઓળખતા હતા, પરંતુ ત્રણ ચાર વાર લાંબો વખત પાસે બેસીને એવા ગાઢ પરિચયમાં આવ્યો કે તેમનું ખરું જીવન જાણી શકયો.

આશરે ૮–૯ વર્ષ પહેલાં તળાજામાં એ મુનિરાજ હતા ત્યારે હું જાત્રાએ ગયો હતો. તે વખતે ધર્મશાળામાં ઉપલે માળે એક ખૂણાની ઓરડીમાં તેઓનો નિવાસ હતો. તેઓ સવારમાં ડુંગર ઉપર જાત્રા કરવા જતા. ઓરડીને તાળું અથવા સાંકળ કાંઈ પણ દીધા વિના ચાલવા તૈયાર થયા ત્યારે તેમણે એમ બંધ કર્યા વિના જવામાં ભૂલ કરી હશે, એમ ધારી મેં તાળું દેવા વિનતિ કરી. તેમણે કહ્યું કે–‘ અમારે મુનિને સાચવવા જેવું અથવા સંભાળવા જેવું શું હોય કે તાળું દઈને જઇએ ? ’ ચારિત્રમાં નિષ્પરિગ્રહપણાનો આ ઉત્તમમાં ઉત્તમ નમૂનો છે.

તે બનાવ પછી બીજે દિવસે ત્યાં ધર્મશાળામાં એક જૈન ભાઈ ક્ષયની બીમારીથી દેહ મૂકવાની તૈયારીમાં હતા. તેમના સગાવ્હાલાઓએ મુનિરાજને આવી પ્રાર્થના કરી કે–‘ આપ પધારો અને કાંઇ ભાતું બંધાવો. ’ મુનિરાજ પધાર્યા, પરંતુ દરદી ડચકા ખાતો હતો એવું જોઇને મહારાજ સાહેબે કહ્યું કે ‘ એમને બીજું કાંઈ સંભળાવાથી વધારે શ્રમ પડશે અને ધારેલો હેતુ ફળિભૂત થશે નહિ, તેથી માત્ર નવકાર જ સંભળાવો. ’ અજાયબ જેવું તો એ બન્યું કે મુનિરાજ કહીને ઉપર ગયા તે પછી બે મિનિટમાં પેલા જૈન ભાઈએ પ્રાણ

---

અનંત જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહી શકે એમ તમે લખેલ છે તે શી રીતે ઘટી શકે ? એનો સમાવેશ કેમ થાય ?

**ઉત્તર**—સૂક્ષ્મ વનસ્પતિકાયના શરીરનું નામ નિગોદ છે. એક નિગોદરૂપ શરીરમાં અનંતા જીવો રહેલા છે. તે દરેક જીવના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો છે અને નિગોદની અવગાહના અસંખ્ય આકાશપ્રદેશની છે. તે હિસાબે એકેક આકાશપ્રદેશે અનંતા જીવોના પ્રત્યેકના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહેલા હોય છે. તે દરેક આત્મપ્રદેશે અનંતી કર્મવર્ગણાઓ હોય છે કે જે અનંતાનંત પુદ્ગળસ્કંધોની બનેલી હોય છે. એ આકાશપ્રદેશ ઉપર બીજા પણ અનંતા છૂટા પરમાણુઓ ને બીજા પુદ્ગળ સ્કંધો રહેલા હોય છે. આ બધાનો સમાવેશ આકાશના અવગાહ ગુણને તેમજ પુદ્ગળસ્કંધાદિના મીલન સ્વભાવને લઇને થઇ શકે છે. (ચાલુ.)

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડ્યો, પરંતુ સંતોષ લઇને ગયા કે હું ઉત્તમમાં ઉત્તમ મુનિરાજને વાંદીને આ ક્ષણભંગુર દેહ છોડું છું. આ બનાવમાંથી હું એ તાત્પર્ય કાઢું છું કે લાંબી લાંબી ક્રિયાઓ અર્થ સમજ્યા વિનાની અથવા શ્રમ આપીને કરાવાય તેના કરતાં સમજણપૂર્વકની ઓછી ક્રિયા પણ ઉચ્ચ ભાવથી કરાય તે વધારે ફળદાયી છે.

ત્રીજો પ્રસંગ પાલિતાણામાં બાબુ પન્નાલાલની ધર્મશાળામાં તેઓ હતા ત્યારે બન્યો હતો. સાંજનો વખત હતો. પ્રતિક્રમણમાં બેસવાની મુનિરાજ તૈયારી કરતા હતા એવામાં કોઇ શ્રાવકે આવીને મહારાજ સાહેબને કહ્યું કે ' આપની કાકી ( સંસારી અવસ્થાના ) વાંદવા આવવા માગે છે. ' મુનિરાજે કહ્યું કે ' તેમને કહો કે કાલે સવારે આવે. ' એવા તદ્દન નિઃસંગી મુનિરાજ જડવા મુશ્કેલ છે.

ચોથો પ્રસંગ તેઓને પગનો દુખાવો થયો હતો છતાં ડુંગર પર જાત્રા કરવા ચડવાની શરૂઆત કરતાં પાછું આવવું પડે એટલો દુખાવો વધ્યો ત્યારે બન્યો હતો. તેમના શિષ્ય પુણ્યવિજયજી તે દિવસે સાથે જ ચડતા હતા. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીએ કહ્યું કે ' ભાઇ ! મારાથી ચડવાનું બની શકે તેમ નથી, માટે આપણે પાછા ઉતરીએ.' પરંતુ શિષ્યે તેમ કરવા ઇચ્છા બતાવી નહિ અને જાત્રા કરીને જ આવીશ એમ કહ્યું ત્યારે શાંતમૂર્તિએ જરા પણ ક્ષોભ વિના કહ્યું “ યથાસુખં. ” પોતે પાછા ધર્મશાળાએ આવ્યા ત્યાં ગુરુણીજીને ખબર પડી કે–મહારાજ સાહેબ દર્દથી પીડાય છે અને આહાર પાણી લીધા નથી તેથી વિનંતિ કરી કે–' આપ કહો તો અમે આપને માટે આહાર લાવવા ગોચરી જઇએ.' મુનિરાજે ના કહી. ગુરુણીજીએ આગ્રહ કરતાં મુનિરાજે તરત જ પુરિમડ્ઢનું પચ્ચખ્ખાણ કર્યું. બે કલાક રહીને ગુરુણીજીએ પાછા ફરી આગ્રહ કર્યો ત્યારે મુનિરાજે ઉપવાસનું જ પચ્ચખ્ખાણ લઇ લીધું. કહેવાનો હેતુ એ છે કે એ જેવા યોગી હતા તેવા જ તપસ્વી હતા. શિષ્યે કહેવું ન માન્યું છતાં જરા પણ ક્રોધની લાગણી થઇ નહિ. શાંતિથી કહ્યું કે–' એ જીવને એમ રુચ્યું.' આવા ક્રોધના પ્રસંગમાં જે સમતા જાળવી શકે તેવા ખરા યોગી મુનિરાજને મારા સેંકડો નમસ્કાર છે!

પાંચમો પ્રસંગ પાલિતાણામાં જ બાળાશ્રમમાં તેઓ ડુંગર પરથી પધાર્યા ત્યારે બન્યો. મેં જૈન જગતની નવી જૂની જણાવવા માંડી ત્યારે તેમણે કહ્યું કે ' આપણા આત્માને એનાથી શું લાભ થાય ? ' હું તરત સમજી ગયો અને પછી તેમની લખેલી થોડી ચોપડીઓની નકલો તેમણે મને વહેંચવાને આપી તે લઇ હું મુંબઇ આવ્યો.

એવા શુદ્ધ સાત્ત્વિક મુનિરાજને મારી અનેકશઃ વંદના છે !

શાહ નરોત્તમદાસ ભગવાનદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સન્મિત્ર સ્મૃતિ

લેખક:—ચીમનલાલ અમુલખ સંઘવી

બુદ્ધિની તેજસ્વીતાનો ઝળહળાટ નજરે નિહાળ્યો છે; અંતરના ઊંડાણમાંથી આવતી કરુણતાને અનુભવી છે; શ્રદ્ધાનો નિર્મળ રસ ચાખ્યો છે; શબ્દલાલિત્યથી શોભતાં—અંતરને વીંધતાં, ચમત્કાર વચનો સાંભળ્યાં છે; પણ એકની સ્મૃતિ એવી તીવ્ર અને સભર નથી કે જેવી અંતરના એક ખૂણામાં ચિરંજીવ બનેલી, સ્વ. પૂ. મુનિવર્ય શ્રી કર્પૂરવિજયજી મહારાજનાં માધુર્ય, આકર્ષણ ને અમૃત વર્ષણમાંથી વર્ષો પર પ્રકાશેલી એક પ્રિય સ્મૃતિ છે.

વર્ષો પરનો એ એક પ્રસંગ હતો. સ્વ. મહારાજશ્રી ઉપદેશની ધાર વર્ષાવતા હતા. જૈન સાહિત્યમાં અમર બનેલી એક નાનકડી કથા તેમના મુખમાંથી ઝરતી હતી. અનેકોએ તે કથાને શબ્દદેહ અર્પ્યો હશે પણ તે સમયે, તે પૂ. મુનિવરે, તે કથાને એવા સ્વરૂપમાં પ્રગટાવી કે શબ્દે શબ્દે જાણે મોતી ઝર્યાં, માધુર્યની વૃષ્ટિ રેલી, શ્રોતાઓ અંતર્મુખગામી બન્યા. મુનિવરોની મશ્કરીથી પ્રફુલ્લતાઓને મુખે, તે કથાશ્રવણે, આંસુ ઝરતી આંખે, સંસારને ત્યાજ્ય કહાવ્યો ને મારા અંતરમાં તે પ્રસંગ ને શ્રવણ ને તે દૈવી વાતાવરણની સભર સ્મૃતિ ચિરંજીવ બની.

તે પછી તે પૂ. મુનિવરના પ્રત્યક્ષ સંસર્ગમાં નથી આવ્યો, પણ તેમનો પ્રભાવ પરોક્ષ ભાવે તો કાયમ જ રહ્યો છે. મારાં અંતરચક્ષુ સમીપ તેમની મૂર્તિ પ્રસંગે ખડી થાય છે: યોગીત્વની નીસરણીએ ઊભેલી; કંઇ કંઇ નીચે જોતી છતાં ભાવદર્શને ઊંચે નિહાળતી; વિશ્વાસથી છલોછલ ભરેલી, પણ તે સભરતાના ભંગને સ્થાને તીખી નજરે તાકતી; સરળ; નિરભિમાની; જ્ઞાનપિપાસુ; આછી માનવનિર્બળતાએ સ્પર્શેલી, પરંતુ કૂટતાના દર્શનથી પણ પર; આદર્શને પૂજતી; પવિત્ર ભૂમિને ભાવની નજરે સેવતી; યોગ-નૈતિક માનવતાના આછા પ્રતિબિંબ સમી માનવ પ્રતિમા.

તેમના જીવનનો વિકાસક્રમ પ્રકૃતિપ્રેર્યો ભાસે છે. જન્મ, અભ્યાસ, અંતર સીંચતા પ્રસંગો, હૃદયની નિર્મળતા—શુદ્ધતા, પ્રસંગ દર્શને ભાવપલટો. એવો પલટો કે એને અનુભવનાર વ્યક્તિ બંને તથાગતની નીસરણી સરનાં જ રહ્યો છે. માતાના મૃત્યુદર્શને વૈરાગ્ય અનુભવનાર શ્રીમાન્ કર્પૂરવિજયજી, એ વિષયમાં તો, રોગ કે મૃત્યુદર્શને તેવી સ્થિતિ અનુભવનાર મહાપુરુષની હરોળમાં જ લેખાય.

તેમની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી. એ પન્થે લોક પર ઉપકાર કરવાનો. તેમને શુભ પન્થે વાળવાની. તેમની ભાવના તે કરતાં પણ વધુ તીવ્ર હતી. નવનવીન ગ્રન્થ લખાવવા, તેનું પ્રકાશન કરાવવું, ને યોગ્ય સ્થાને તે વહેંચવા એ તેમની મહદ્ અભિલાષા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા. તે અભિલાષાની સિદ્ધિ અર્થે માનસિક કે શારીરિક શક્તિનું રીપે રીપું ખર્ચી નાંખતાં તેઓ લગભગ પણ આંચકો ન ખાતા. શ્રમ તેમનો સહાયક હતો. છેલ્લી ક્ષણ સુધી તે તેમનો સાથી હતો. તેના લેખે પણ તેમની અભિલાષાને પૂરક. મારા પર લખાયેલા ઝીણુંઝીણાં પત્રો તેમની તે ભાવનાના પ્રતિબિંબ સમા છે.

જ્ઞાનની પાછળ તે અઢળક હાથે ખર્ચ કરાવતા, છતાં અપરિગ્રહના તે પ્રતિક સમા હતા. કશું ગોપવવાનું જો કોઇને ન હોય તો તે તેમને જ હતું. તેમની ભાવનાને પોષક-પત્રો તેઓ સંખ્યાબંધ લખતા. પણ તે પત્રો, બને તેટલા ઝીણા અક્ષરે, નકામા ગયેલા કોઇક કાગળના ટુકડા પર લખાતા. તે શક્ય હોય ત્યાં સુધી તે કોઇકના સંગાથથી જ મોકલાતા. તેમના પત્રો ગમે તે વ્યક્તિ વાંચી શકતી એટલું જ નહિ પણ તે પત્રમાં કોરી રહી ગયેલી જગ્યાનો તેઓ બીજા પર પત્ર લખવામાં ઉપયોગ કરતા. જરૂરીઆતનાં સાધનોથી લચી રહેલા આ યુગમાં તેમની ચીજો ઘણી જ મર્યાદિત હતી.

જ્યાં જ્યાં તેમણે વિહાર કર્યો છે, ચોમાસાં કર્યાં છે ત્યાં ત્યાં તેઓ કંઇક ઉપકારક સ્મૃતિ તો મૂકતા જ ગયા છે. પાઠશાળા, પુસ્તકાલય, ઉપાશ્રય કે દહેરાસરનો જ્યાં અભાવ હોય ત્યાં ત્યાં તે તે સાધનોની સગવડતા અને તે સાધનો સ્થાયી રહે એવી વ્યવસ્થા, કુસંપ હોય ત્યાં સંપ, ક્ષીણતા હોય ત્યાં વૃદ્ધિ, ધર્મહાનિ હોય ત્યાં તેનો પ્રભાવ-એ સર્વના વ્યવસાયમાં તેમણે જીવનની ક્ષણો વિતાવી. પરિણામે કાળધર્મ પામ્યા છતાં તેઓ ચિરંજીવ છે. તેમની સ્મૃતિ કાયમ બની છે. સ્થળે સ્થળે તેમના સ્મરણમાં આજે ઓચ્છવો ઉજવાય છે.

વળામાં, સંવત ૧૯૨૫ માં જન્મી; અંતરવિકાસ સાધી, મેટ્રિક પર્યન્ત અભ્યાસ કરી; માતમૃત્યુદર્શને વૈરાગ્ય પામી; અનુમતિની બક્ષીસ પ્રતિ પિતાને આકર્ષી; સંવત ૧૯૪૭ માં તે, યોગમૂર્તિ શ્રી વૃદ્ધિચંદ્રજી પાસે દીક્ષા લઇ, મુનિવર બન્યા. તે સંસારી ત્યારે અમીચંદ તેમના પિતા, લક્ષ્મીબાઇ તેમનાં માતા. હવે તે તે સર્વથી પર થયા. યોગની નીસરણીએ તેમણે પગલાં માંડ્યાં.

મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળે ધાર્મિક ગ્રન્થોના પ્રચારમાં જે પ્રગતિ સાધી છે તે તેમની જ પ્રેરણાને આભારી છે. બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રન્થમાળાના મૂળમાં તેમનો જ અંતર રસ સીંચાયો છે. તે ઉપરાંત બીજા પણ અનેક ગ્રન્થોના પ્રકાશનમાં તેમણે પ્રેરક બળ રેડ્યું છે; અનેક સંસ્થાઓને તેમણે જ્ઞાનસિંચનનો લાભ આપ્યો છે. એકે પ્રતિ પક્ષપાત નહિ, છતાં સર્વ સંસ્થાઓ ને જૈન સમાજને તેમણે પોતાનો જ માન્યો છે.

પદવીનો મોહ એ આ યુગનું લક્ષણ છે. તેઓ અન્ત સુધી તે મોહથી પર રહ્યા છે. આજીવન તેમણે બ્રહ્મચર્ય સેવ્યું, ૪૬ વર્ષ સુધી નિર્મળ ચારિત્ર પાળ્યું, સમાજ પર અનેક ઉપકાર કર્યા છતાં તે એકેનો તેમણે ગર્વ નથી ધર્યો. પોતાને વિષે સન્મિત્ર કે સદ્ગુણાનુરાગી લખાય તે સિવાય તેમણે, તે સંબંધમાં એકે બીજી અભિલાષા નથી સેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌ગુણાનુરાગીનાં સંસ્મરણો

જૈન સમાજના દુર્ભાગ્યે હમણાં હમણાં તેજસ્વી સાધુ પુરુષો ખરતા જાય છે. શ્રી હિમાંશુવિજયજી અને શ્રી ચરણવિજયજીના કાળધર્મ પામ્યાના સમાચારની શાહી હજુ તો સુકાણી નથી ત્યાં તો સદ્‌ગુણાનુરાગી, શાંતમૂર્તિ, સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજના સ્વર્ગ-ગમનના દુઃખદ સમાચાર સાંપડે છે.

છેલ્લા કેટલાક માસ થયાં આ લેખકને પાલિતાણા રહેવાનું બનેલ. તેને અંગે તેઓ સાહેબના અતિ નિકટના સહવાસમાં આવવાનું બન્યું હતું. તેમની સાથેના અનેક મિષ્ટ સ્મરણોમાંથી થોડા અત્રે રજૂ કરું છું.

× × ×

છેલ્લા કેટલાક વર્ષોમાં વૃદ્ધાવસ્થાએ તેમના શરીરનો કબજો લીધો હતો. ડોકના ભાગથી તેઓ તદ્દન વળી ગયા હતા, છતાં તેમની ક્રિયારુચિ યુવાન સાધુઓ કરતાં પણ વધી જાય તેવી હતી. જ્યાંસુધી પગ ચાલ્યા ત્યાંસુધી તેમણે પગ પાસેથી બરાબર કામ લીધું. અર્થાત્ ગિરિરાજની ખૂબ યાત્રાઓ કરી. છેલ્લા કેટલાક વર્ષોમાં તેમને માટે ચાલવું અશક્ય બન્યું ત્યારે જ પાલિતાણામાં સ્થિર રહ્યા હતા; છતાં શક્ય હોય ત્યાંસુધી તલાટીએ પણ જઇને ગિરિરાજની સ્પર્શના કરતા.

× × ×

જ્ઞાનના પુસ્તકો વહેંચવાનો તેમને જબ્બર શોખ હતો એમ કહી શકાય. તેમના હાથે સેંકડો નહીં, હજારો નહીં પણ લાખોના હિસાબે પુસ્તકો દેવાયા હશે. તેમની પાસે ગયેલ કોઇ ભાગ્યેજ ખાલી હાથે જાય. કેટલાક પુસ્તકો અને કંઇક વ્રત નિયમ દઇને જ

---

છેલ્લા વર્ષમાં, લેખનના અંગે, પત્રવ્યવહારથી, હું તેમના ગાઢ સંસર્ગમાં રહ્યો. તે સંસર્ગે તેમની સરળતા, ભાવના ને માનવતાની મારા પર તીવ્ર અસર નીપજાવી. જે લેખનના વ્યવસાયમાં હું પરોવાયો તેના પ્રકાશનને અંગે નવી નવી સૂચનાઓ તેમણે, અંતિમ ક્ષણ સુધી, મને મોકલાવ્યા જ કરી. તે અંગે તેમણે સેવેલ શ્રમમાં મેં તેમની તીવ્ર અભિલાષાનાં દર્શન કર્યાં: જે અભિલાષાનો આછો પણ અંશ તે સેવનાર વ્યક્તિને સમસ્ત સંસારને પૂજ્ય બનાવે.

આજે, પૂજ્ય બનેલ તે મુનિવર કાળધર્મ પામ્યા છે; પણ તેમની મધુર સ્મૃતિ અમર છે. તે સ્મૃતિ સભરભાવે ચિરંજીવ બને, તેમના જીવનની અમૂલ્ય ક્ષણો શબ્દદેહે સ્થાય, તે ગૂંથણીમાંથી પ્રગટતાં જીવનનાં પ્રતિબિંબને માનવો મધુરભાવે ઝીલતા થાય, એ ભાવના આ ક્ષણે સેવવી તે અનુચિત નહિ જ લેખાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ શાન્તિ રાખતા. પુસ્તક મંગાવવાનું ... આ લેખક હતુ તેઓશ્રીએ સોંપેલ. એક વખત તેમને પુસ્તક કંઇક મોડા મોકલાતા ભોંય ... કંઇક ઉગ્રતાથી કહ્યું: ' રાજપાલ ! તારા પ્રમાદથી આજ કેટલાય માણસોને ચોપડીઓ દઇ શકાણી નથી, એટલું તો જાણવું જોઇએ કે આ મોટી યાત્રાના દિવસોમાં અનેક માણસો આવતા હોય. કેટલાય ખાલી હાથે પાછા ગયા. ' જવાબમાં મેં શાન્તિપૂર્વક પરંતુ કંઇક વિનોદથી કહ્યું : ' સાહેબ ! ચોપડીઓ છે તો લેનાર તો આવવાના છે જ. એ નહીં તો એના ભાઇ લઇ જશે. ' તેમણે કહ્યું: ' હજુ તારો કક્કો છોડતો નથી. જે લેનાર આવશે તો શું પુસ્તકો નવા નહીં આવે ? '

× × ×

આટલી વૃદ્ધ વયે પણ શુદ્ધ ખાદી વસ્ત્રો વાપરવાનો તેમનો આગ્રહ જોનારને મુગ્ધ કરે તેવો હતો. વસ્ત્રો પણ જરૂરપૂરતા જ રાખતા. આ વખતનું ચોમાસું બેસવા પૂર્વે એક ગુજરાતી ગૃહસ્થ તેમને વહોરાવવા એક બારિક ગરમ શાલ લાવેલા. તેમણે તો સ્પષ્ટ ના પાડી દીધી. છતાં તે ગૃહસ્થનો આગ્રહ ચાલુ રહેતાં તેમણે સંભળાવ્યું: ' મને દુઃખ થાય છે કે તમે લોકો જ સાધુઓને બગાડો છો. પરદેશી બનાવટની શાલો અને મિલના બારિક કાપડ વિગેરે વહોરાવી તમે પાપમાં પડો છો અને અમને પાડો છો. જેમ સાધુ ભિક્ષા લેવા જાય તેવી જ રીતે જરૂર હોય તો વસ્ત્ર પણ માગી શકે છે. ગૃહસ્થના ઘરમાં પોતાના અર્થે લાવેલ કાપડ હોય તો તે આપી શકે છે. તેને બદલે અમારે અર્થે તમે ખરીદી લાવી આવું કાપડ વહોરાવો છો એ મોટી ભૂલ છે. જો મને કાપડ આપવું જ હોય તો શુદ્ધ ખાદીનો ટુકડો તૈયાર હોય તો લાવો, લઇ લઉં. ' આ સાંભળી તે ગૃહસ્થ તો ચુપચુપ ચાલ્યા જ ગયા.

× × ×

એક વખત એક ભાઇ આવીને બેઠા અને મહારાજશ્રીના પગ દાબવા માંડ્યા. તેમને પૂછ્યું: ' ક્યાં રહો છો ? ' આવેલ ભાઇએ મહારાજશ્રીની જન્મભૂમિ વળાનું નામ કંઇક ગર્વથી ઉચ્ચાર્યું. વળતા જવાબમાં મહારાજશ્રીએ કહ્યું: ' તમારું મોઢું ગંધાય છે. બીડી પીતા લાગો છો ? ' ' હા જી. ' જવાબ મળ્યો. ' તો મને ન અડકતા. બીડીની બાધા લ્યો તો જ મને શાન્તિ થશે. ' તે ભાઇએ જરા ગલ્લા તલ્લા કરવા માંડ્યા, એટલે તેમણે કહ્યું: ' હીનવીર્યતાના આ લક્ષણો છે, નહીંતર પુરુષ થઇને એક બીડી જેવી નિર્જીવ વસ્તુ છૂટી ન શકે ? અહીંથી કંઇક સુખડી તો લઇ જવી જોઇએ જ. ' છેવટે તે ભાઇને ... સમયને માટે બાધા આપી જવા દીધા.

× × ×

તલાટીએ ભાતું અપાય છે. તે વિલાયતી ખાંડનું બનતું. એ વાત એમને ... સમયથી ખટકતી હતી. બે ચાર વખત આ લેખકને એ વિષે કંઇક આંદોલન ચાલુ ... સૂચવ્યું. મેં કહ્યું—' સાહેબ ! હું પોતે તેમાંથી મુક્ત નથી એટલે શું કહી શકું ... પોતે પેઢીના મુનિમને બોલાવી બધી વાત કરી. પરિણામે તળાટીએ અપાતું ભાતું શુદ્ધ દેશી ખાંડનું બને છે. એ તેઓશ્રીના શુભ પ્રયાસનું ફળ છે.

× ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ જરા જેટલો કોરો કાગળ વ્યર્થ જવા દેતા નહીં. જોનારને કંજુસાઈ જણાય તેટલી હદ સુધી તેઓ કસ કાઢતા. કોઈનો પત્ર આવેલ હોય તો તેની પછવાડે જવાબ અથવા લેખ તદ્દન ઝીણા અક્ષરોમાં લખી કાઢે. લખાયેલ કવરની કોરી બાજુમાં પણ પોતે લખે, છાપાના રેપર ઉપર પણ પેન્સીલના ઝીણા અક્ષરોથી લખે. આટલી બધી કસ કાઢવાની રીતથી એક વખત આ લેખકે કહ્યું: 'સાહેબ! વાંચનારને તકલીફ પડે એવી રીતે આપ લખો છો. મુરબ્બી કુંવરજીભાઈની પણ આપના લખાણ વિષે એ ફરિયાદ છે. એમ કરવા કરતાં આપ સૂચવો તો ડઝન બે ડઝન કોરા કાગળો લઈ આવું.' તેઓ બોલ્યા: 'અરે! ગાંડો થયો છે? કાગળ તો બહુએ મળે છે, પણ મારા મનમાં એમ કે આ રીતે કામ ચાલે છે તો એમજ શા માટે ન ચલાવવું.' તેઓશ્રીની એ પદ્ધતિ છેવટ સુધી જેમ ને તેમ ચાલુ રહી હતી.

× × ×

તેઓ કાંઈ ને કાંઈ લેખન કાર્ય કરતા. એક વખત મેં કહ્યું: 'સાહેબ! આપનું લખાણ પ્રાયઃ એક જ પ્રકારનું અને તે પણ સંગ્રહીત આવે છે, તેના કરતાં થોડું પણ મૌલિક લખાણ અને તે પણ વિવિધતાવાળું લખાય તો ઠીક.' તેઓશ્રીએ જવાબમાં કહ્યું કે 'તારું એ કહેવું ખરું છે; પણ હકીકત એમ છે કે એક વખત હું ક્યાંઇક વ્હોરવા ગયો હતો. ઘરના બારણામાં પેસતાં બારસાખનું લાકડું માથામાં એટલા તો જોરથી લાગ્યું કે થોડીવાર સુધી તો આંખે તમ્મર આવી ગઈ. એ ફટકા પછી જ્ઞાનતંતુઓ નબળા પડ્યા કે પરિણામે કંઈ પણ નવું સર્જન નથી થતું, છતાં પણ સારું લાગે તે સંગ્રહીત કરીને મોકલ્યા કરું છું.'

× × ×

ગત ચૈત્ર શુદિ ૧૩ ના રોજ સવારે હું તેમને વાંદવા ગયો. તેમણે તુરતજ પૂછ્યું: 'કેમ ભાઈ! આજ તો જયંતિવાળી સભામાં જવાનું હશે?' 'જી હા સાહેબ.' મેં કહ્યું. 'હું એ આવવાનું મન કરું છું, પણ મારાથી ત્યાંસુધી તડકામાં અવાશે નહીં, તેના કરતાં જો તું અહીં આવે તો આપણે ઉજવીએ.' તેમણે કહ્યું. જવાબમાં મેં સહર્ષ હા પાડી. બપોરના ત્રણ પછીનો અમારી નાની સભાનો સમય નિયત થયો. થોડાક પ્રેમી ભાઈઓ અને કેટલીક બ્હેનો મળી કુલ ૨૦–૨૫ માણસોની અમારી સભા થઈ. તેઓશ્રીને પ્રમુખ ચુંટવા વિગેરેની વિધિ કરવાની તેમની પાસે જરૂર હતી જ નહીં. તેમનું શાંત પણ સચોટ પ્રવચન-વીર જયંતિ નિમિત્તનું લગભગ ૨૦ મિનિટ ચાલ્યું હશે. મારે તેમના વ્યાખ્યાનશ્રવણનો એ પહેલો અને છેલ્લો પ્રસંગ હતો. છેલ્લે તેમણે કહ્યું: 'હવે રાજપાલ બોલશે. મેં તેને એટલા સારુ જ રોક્યો છે.' તેમનો આદેશ શિરસાવંદ્ય ગણી કંઈક બોલ્યો. પછી અમારી એ નાજુક સભા વિસર્જન થઈ.

× × ×

તેઓ અતિશય ભોળા સ્વભાવના હતા. સામાની હાસ્યમય વાતને પણ તેઓ સરળપણે સાચી માની લેતા. એક જ પ્રસંગ અત્ર જણાવું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ શ્રી નગીનદાસ કરમચંદ તેમની પાસે બેઠા હતા. તે વખતે હું ત્યાં ગયો અને વંદન કરીને બેઠો. મને ઓળખ્યા પછી શ્રી નગીનદાસ શેઠે મહારાજને ઉદ્દેશીને કહ્યું: 'રાજપાળ હવે તો પંડિત બની ગયો છે.' વળતા જવાબમાં તેઓશ્રીએ કહ્યું: 'હા, સારું લખે છે.' 'ના સાહેબ, રાજપાલ પંડિતાઇભર્યું લખે છે.' શ્રી શેઠે કહ્યું. મેં ઘટસ્ફોટ કર્યો: 'સાહેબ! નગીનદાસ શેઠ એ વાક્યો મારા પ્રત્યેના કટાક્ષથી બોલે છે.'

× × ×

વસ્ત્રની જેમ તેમના આહારમાં પણ અલ્પતા હતી. અર્થાત્ બહુ જ મર્યાદિત ખોરાક લેતા અને તે પણ પ્રાયઃ પ્રવાહી જેવો જ વાપરતા. આમ હોવા છતાં શારીરિક પ્રકૃતિ ક્વચિત્ બગડે ત્યારે સ્પષ્ટ શબ્દોમાં કહેતાં કે—'જિહ્વાની લોલુપતાથી કાંઇ ને કાંઇ પ્રવાહી પદાર્થ, જરૂર વિનાનો છતાં પણ અંદર નખાઇ જાય છે, પરિણામે ભૂલનો ભોગ આપણે થવું જ જોઇએ.'

× × ×

લઘુતા તેમના જીવનમાં વણાયેલી હતી. દૂરના પ્રદેશમાંથી આવેલ એક ભાઇ તેમની ખૂબ પ્રશંસા કરી રહ્યા હતા. એ પ્રશંસક શબ્દો અટકાવી તેમણે કહ્યું: 'તમને શું ખબર પડે કે મારામાં કેટલી નિર્બળતા છે? પોતે વાંદે પણ અન્ય મુનિને ન વંદાવે એવી સંવિગ્નપક્ષીની સ્થિતિને યોગ્ય હું છું, છતાં તે પણ હજુ બનતું નથી.' તેઓશ્રીની સરળતા અને લઘુતા આવા તો અનેક પ્રસંગે દેખા દેતી.

તેમની પાસેથી નીચેનું એક અંગ્રેજી વાક્ય વારંવાર સાંભળવા મળતું.

Short and Sweet. ટૂંકું અને મીઠું (બોલો)

× × ×

એમનામાં ગુરુભક્તિ એટલી બધી ઉછળતી હતી કે જ્યારે જ્યારે ગુરુમહારાજના નામનું સ્મરણ થતું ત્યારે ત્યારે તેમના પરોપકારીપણાના, શાંતવૃત્તિના, શિષ્ય પ્રત્યેના પ્રેમ ભાવના અને એવા અદ્વિતીય ગુણવાન ગુરુની ઉચ્ચ વૃત્તિના ગુણગાન કર્યા વિના રહી શકતા નહોતા. એમનામાં પ્રાપ્ત થયેલા ત્યાગવૃત્તિ વિગેરે ગુણો ગુરુમહારાજની કૃપાનું જ ફળ હતું એમ તેઓ વારંવાર કહેતા.

સદ્‌ગુણનો અનુરાગ એ તેમનો જીવનમંત્ર હતો. અને તેથી જ તેમણે સ્વેચ્છાએ **સદ્‌ગુણાનુરાગી** નામ ધારણ કર્યું હતું. ગૃહસ્થ પાસેથી પણ સારું જણાય તે લેતા અને તેને સંગ્રહીત લેખદ્વારા જનતા સન્મુખ મૂકતા.

એકંદરે અતિ શાંત, પૂર્ણ ક્રિયારુચિ, જ્ઞાનપ્રચારમાં ઉદ્યમવંત. પરમ આત્માર્થી સત્પુરુષને આપણને ચિર વિરહ પડ્યો છે. સ્વર્ગવાસી સદ્‌ગુણાનુરાગીના આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ. અસ્તુ! ૐ **शान्तिः**

**રાજપાલ મગનલાલ વહોરા.**

For Private And Personal Use Only

# સ્વ૦ ભાઈ પાનાચંદ ખુશાલ

આ બંધુ કરચલીઆ પરાના નામથી ઓળખાતા ભાવનગર શહેરના એક વિભાગના અગ્રણી ગૃહસ્થ હતા. આ સભાના બહુ વર્ષોથી આજીવન સભ્ય હતા અને ઘણા વર્ષો સુધી સેક્રેટરી રહ્યા હતા. તેમના કાર્તિક વદિ ૧૪ ના રોજ થયેલા અવસાનથી સભાને એક લાયક મેમ્બરની ન પૂરાય તેવી ખામી પડી છે. તેઓ સભા પ્રત્યે દઢ લાગણીવાળા હતા. પૂરા હીમાયતી હતા. સભાના હિત માટે તત્પર હતા. વીશાશ્રીમાળી તળપદા જ્ઞાતિમાં પણ એક આગેવાન હતા. ધર્મ-પરાયણ વૃત્તિવાળા હતા. તેમની [illegible]તી લાગણી ને પ્રયત્નથી જ ઉપર્યુક્ત પરામાં ભવ્ય જિનમંદિર થયું છે. તે સાથે ઉપાશ્રય, જૈનશાળા વિગેરે પણ થયેલ છે. સદરહુ જિનમંદિરમાં મૂળનાયકજી તરીકે બિરાજમાન કરેલી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા બહુ જ સુંદર અને પ્રભાવીક છે. નજીકની સગવડને લઈને જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ કરનારની સંખ્યા પણ સારી છે એ બાબતમાં પરામાં વસતા જૈનો તેમના આભારી છે. સં. ૧૯૨૬ ના ફાગણ વદિ એકમે તેમનો જન્મ થયેલ હોવાથી ૬૮ વર્ષની ઉમરે તેઓ પંચત્વ પામ્યા છે. એમને પોતાને સંતતિ નહોતી, પરંતુ તેમના લઘુ-બંધુ અમરચંદની સંતતિ તેમણે પોતાની જ માની હતી. એમના ત્રણે પુત્રો તલકચંદ, કેસરીચંદ તથા કાન્તિલાલ બહુ વિનયી ને વિવેકી હોવાથી પોતાના વડીલની સેવા તેમણે બહુ શ્રેષ્ઠ રીતે કરી છે. તેમને પોતાના પિતાનો ખરો વિરહ અત્યારે જ પડ્યો છે. અમે તેમને તથા પાનાચંદ-ભાઈની વૃદ્ધ માતુશ્રીને અને તેમના ધર્મપત્નીને અંતઃકરણ પૂર્વક દિલાસો આપીએ છીએ અને એમના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છવા સાથે ચિ. તલકચંદ વિગેરેને તેમના વડીલના શુભ પગલે ચાલવા પ્રેરણા કરીએ છીએ.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મુંબઈ બાળમિત્ર મંડળનો પંચ વાર્ષિક રિપોર્ટ સને ૧૯૩૨ થી ૧૯૩૭.

આ મંડળને સ્થાપન થયા ૨૨ વર્ષ થયા છે. કામ સારું કરે છે. રિપોર્ટ ને હિસાબ વાંચવા લાયક છે. સ્થિતિ સારી છે છતાં સહાય આપવા યોગ્ય છે. જૈન કુમાર તથા કુમારિકાઓને પાઠ્ય પુસ્તકોની સહાય કરે છે. સ્કોલરશિપ પણ આપે છે. વળી વક્તૃત્વ કળાને તેમજ લેખનકળાને ઉત્તેજિત કરવા હરીફાઈના ઇનામો કાઢી ભાષણો કરાવે છે. અનેક પ્રકારે જૈન વર્ગને વિશેષ ઉપયોગી થવાની યોજના ધરાવે છે. અમે એ મંડળને ધન્યવાદ આપવા સાથે તેની પ્રગતિ ઇચ્છીએ છીએ.

---

## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળાનો સં. ૧૯૮૩ થી ૧૯૯૨ સુધીનો દશ વર્ષનો રિપોર્ટ

આ રિપોર્ટના અંદર ઘણી હકીકત સમાવી છે. વાંચવા લાયક છે. કેટલીક હકીકત ખાસ અનુકરણીય છે. વ્યવસ્થા સારી છે. હિસાબ પણ ચોખ્ખો છે અને પસાર કરાવેલો છે.

---

## શ્રી બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળા.

આ ગ્રંથમાળાના ઉત્પાદક સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી કાળધર્મ પામેલા હોવાથી તે ગ્રંથમાળા સંબંધી તેમજ તેને અંગે પુસ્તક પ્રકાશન સંબંધી પત્ર-વ્યવહાર અમારી સભા સાથે કરવો. ( શ્રી જૈ. ધ. પ્ર. સભા. )

---

## શ્રી પંચસંયત પ્રકરણ.

શ્રી ભગવતીસૂત્રના ૨૫ મા શતકના સાતમા ઉદ્દેશા ઉપરથી ગુજરાતી ભાષામાં પ્રશ્નોત્તરરૂપે તૈયાર કરી મૂળપાઠ સાથે છપાવીને બહાર પાડેલ છે. તે પ્રકરણના અભ્યાસી સાધુ–સાધ્વીને તેમજ જૈન સંસ્થાઓને ભેટ આપવાનું છે. વેચાણ ખરીદ કરવા ઇચ્છનાર માટે ચાર આના કિંમત રાખેલ છે. પોસ્ટેજ સવા આનો.

---

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર—સાર્થ

શબ્દાર્થ, અન્વયાર્થ તથા ભાવાર્થ સાથે સુંદર આકારમાં તૈયાર કરેલ છે. વિસ્તારથી વિવેચન આપીને વિદ્યાર્થીઓ સુગમ રીતે સમજી શકે તેવી શૈલી રાખવામાં આવી છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી છે.

તૈયાર કરનાર માસ્તર પોપટલાલ સાકરચંદ

એક નકલના રૂ. ૧-૪-૦ દશ કે વધારે નકલ મંગાવનાર માટે રૂ. ૧-૨-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 100

## [illegible] લેવાં પુસ્તકો ખાસ ખરીદો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ. સંસ્કૃત. ભાગ પહેલો ને બીજો. દરેકના | ૨-૦-૦ |
| ૨ | શ્રી [illegible]વિક્રમ ચરિત્ર. પદ્યબંધ સંસ્કૃત. | ૨-૦-૦ |
| ૩ | શ્રી પાંડવચરિત્ર ( મલ્લધારી દેવપ્રભસૂરિકૃત ) ભાગ ૧-૨ દરેકના | ૪-૦-૦ |
| ૪ | શ્રી ઉપાસકદશાંગ સૂત્ર મૂળ. મૂળનો અર્થ ને ટીકાનો અર્થ | ૨-૦-૦ |
| ૫ | શ્રી શાંતસુધારસ ભાષાંતર. વિવેચન યુક્ત. ભાગ ૧ લો (લે. મૌક્તિક) | ૧-૦-૦ |
| ૬ | શ્રી ચોસઠપ્રકારી પૂજા અર્થ વિવેચન કથાઓ યુક્ત | ૧-૦-૦ |
| ૭ | શ્રી જ્ઞાતાધર્મકથાસૂત્ર મૂળ, મૂળ ને ટીકાનો અર્થ. ભાગ ૧-૨ દરેકના | ૪-૦-૦ |
| ૮ | શ્રી અંતગડદશાંગ તથા અનુત્તરોવવાઇ સૂત્ર મૂળ-મૂળ ને ટીકાના અર્થયુક્ત | ૧-૮-૦ |
| ૯ | શ્રી નિરયાવલી સૂત્ર ( પાંચ ઉપાંગ ) મૂળ, મૂળ ને ટીકાના અર્થયુક્ત | ૧-૮-૦ |
| ૧૦ | શ્રી તપગચ્છશ્રમણવંશવૃક્ષ. અનેક હકીકતોથી ભરપૂર | ૧-૦-૦ |
| ૧૧ | શ્રી બૃહત્સંગ્રહણી પ્રકરણ. મૂળ-અર્થ-વિવેચનયુક્ત | ૧-૦-૦ |
| ૧૨ | શ્રી હેમચંદ્રાચાર્યચરિત્ર ( લેખક મૌક્તિક ) | ૦-૧૨-૦ |
| ૧૩ | શ્રીવર્ધમાનદેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે. ભાગ ૧લો. રૂા. ૩) ભાગ ૨જો રૂા. ૨) | |
| ૧૪ | સુભાષિતપદ્યરત્નાકર. અર્થસહિત ભાગ ૧-૨-૩ દરેકનો | ૧-૪-૦ |
| ૧૫ | પ્રકરણરત્નસંગ્રહ ( પંદર પ્રકરણો સાર્થ ) | ૧-૪-૦ |
| ૧૬ | સાદા ને સરલ પ્રશ્નોત્તર. ભાગ ૧-૨ દરેકના | ૦-૫-૦ |
| ૧૭ | શ્રાવકના પાક્ષિક અતિચાર. સાર્થ | ૦-૨-૦ |
| ૧૮ | જૈન કથા સંગ્રહ ( ૨૫ કથાઓ ) | ૦-૫-૦ |
| ૧૯ | શ્રી પીસ્તાલીશ આગમની પૂજા (વિસ્તૃત હકીકત, અર્થસહિત, કથા સાથે) | ૦-૨-૦ |
| ૨૦ | શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ( અર્થ યુક્ત ) | ૦-૨-૦ |
| ૨૧ | શ્રી અષ્ટપ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦-૧-૬ |
| ૨૨ | શ્રી પ્રજ્ઞાપના સૂત્ર અર્થ સહિત ભાગ ૩ માં સંપૂર્ણ ( ભ. હ. ) રૂા. | ૧૬-૦-૦ |
| ૨૩ | શ્રી નવપદજીની પૂજા ( નવપદ આરાધનની વિસ્તૃત વિધિયુક્ત-ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત. સાર્થ ) | ૦-૩-૦ |
| ૨૪ | સંવેગમાળા ( પ્રભાવના માટે ઉપયોગી ) અર્થ સહિત | ૦-૨-૦ |
| ૨૫ | શ્રી પંચ પ્રતિક્રમણ મૂળ ગુજરાતી ( નવી આવૃત્તિ ) | ૦-૭-૦ |
| ૨૬ | શ્રી આચાર દિનકર ભાગ ૧ લો તથા ૨ જો | ૧૦-૦-૦ |
| ૨૭ | અનેકાર્થરત્નમંજૂષ અષ્ટલક્ષી વિગેરે ( દે. લા. ) | ૩-૦-૦ |
| ૨૮ | ઉપદેશરત્નાકર મૂળ તથા ભાષાંતર ભાગ ૧ લો. ( મહુડા ) | ૨-૦-૦ |
| ૨૯ | ઉપદેશપદ ભાષાંતર ( મહુડા ) | ૨-૦-૦ |
| ૩૦ | ઉપદેશચિંતામણિ. મૂળ. ટી. ક. ભા. ૧ થી ૪ ભેગા મૂળ કિંમત રૂા. ૧૯ ના | ૧૦-૦-૦ |
| ૩૧ | જિનવાણી ( લે. મુન્શી ) | ૧-૦-૦ |
| ૩૨ | મહાવીરચરિયમ્ પ્રાકૃત ( દે. લા. ) | ૪-૦-૦ |
| ૩૩ | [illegible] સટીક ( દે. લા. ) | ૪-૦-૦ |



For Private And Personal Use Only